RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 141* Date: 12.03.2023, Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# પાર્ટીવાળા ફાર્મ હાઉસ પરથી દવાઓ મળી, ફાર્મ હાઉસનો માલિક ફરાર



નવીદિલ્હી,તા.૧૧

આઠ માર્ચના રોજ બોલિવૂડ એક્ટર અને ડાયરેક્ટર સતીષ કૌશિકનું હાર્ટ અટેકને કારણે દિલ્હીમાં અવસાન થયું હતું. સતીષ કૌશિક ૮ માર્ચના રોજ દિલ્હી ગયા હતા. અહીંયા બિજવાસન ફાર્મહાઉસમાં હોળી રમવા આવ્યા હોય રાતના ૧૧ વાગ્યે તેમને બેચેની જેવું થતું હતું. આ બાદ નિધન થયું હતું. સતીષ કૌશિકના મોતની તપાસ કરી રહેલી પોલીસ આજે એટલે કે શનિવારે દિલ્હીના ફામ હાઉસે પહોંચી હતી. સતીષ કૌશિક તેમના મૃત્યુના એક દિવસ પહેલાં અહીં હોળી પાર્ટીમાં સામેલ થયા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ફાર્મ હાઉસની તપાસ દરમિયાન પોલીસને કેટલીક દવાઓ મળી આવી હતી. પોલીસ ફાર્મ હાઉસના માલિકની પૂછપરછ કરવા માગે છે પરંતુ માલિક હાલ ફરાર છે. બુધવારે રાત્રે ૧.૩૦ વાગ્યે દિલ્હીમાં ૬૬ વર્ષની વયે સતીષ કૌશિકનું અચાનક અવસાન થયું હતું. દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર સતીષ કૌશિકનું મોત શંકાસ્પદ સંજોગોમાં થયું છે. આથી તેમના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. પરંતુ હજુ સુધી પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યો નથી. જો કે, પ્રારંભિક પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મૃત્યુનું કારણ કાર્ડિયાક અરેસ્ટ જણાવવામાં આવ્યું હતું.

સુત્રોના જણાવ્યા પ્રમાણે એક ઉદ્યોગપતિના ફાર્મ હાઉસમાં હોળી પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉદ્યોગપતિ પણ આ પાર્ટીમાં હાજર હતા અને એક કેસમાં પોતે ફરાર છે.પોલીસ તેની પૂછપરછ કરવા આવી હતી, પરંતુ મળ્યો ન હતો. હાલ પોલીસ શોધખોળ કરી રહી છે આ ઉપરાંત પોલીસ પાર્ટીમાં આવેલા મહેમાનોની યાદી પણ તપાસી રહી છે.તમને જણાવી દઈએ કે આ પાર્ટીનું આયોજન દિલ્હીના એક બિઝનેસમેનના ફાર્મ હાઉસ પર કરવામાં આવ્યું હતું. પોલીસ હવે પાર્ટીમાં ભાગ લેનારા ૧૦-૧૨ મહેમાનોની યાદીમાંથી પસાર થઈ રહી છે. બીજી તરફ પાર્ટીમાં સામેલ બિઝનેસમેન આ કેસમાં વોન્ટેડની યાદીમાં સામેલ છે.આપને જણાવી દઈએ કે અભિનેતા સતીશ કૌશિશ આ પાર્ટીમાં હાજરી આપવા માટે મુંબઈથી દિલ્હી આવ્યા હતા. જે મિત્રના ફાર્મ હાઉસ પર સતીશ કૌશિક પાર્ટીમાં હાજરી આપવા આવ્યો હતો તેનું નામ વિકાસ માલુ છે. દિલ્હીના બિજવાસનમાં તેનું ફાર્મ હાઉસ છે. વિકાસ માલુ વિરુદ્ધ વર્ષો જૂનો બળાત્કારનો કેસ હતો, જેની પોલીસ તપાસ કરી રહી છે.

રિપોર્ટ્સ અનુસાર, પોલીસે જણાવ્યું હતું કે, હોસ્પિટલમાંથી સતીષના મૃત્યુના સમાચાર મળ્યા હતા .પોલીસનું કહેવું છે કે જયારે સતીષ કૌશિકની તબિયત ખરાબથી લઈને હોસ્પિટલ સુધી પહોંચવા માટે તેની સાથે કોણ હતું, તેની સાથે શું થયું?તેની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે. આ લોકોની પૂછપરછ કરવામાં આવશે .મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા માટે પોલીસ પણ વિસેરારિપોર્ટની રાહ જોઈ રહી છે.

૧૩ એપ્રિલ ૧૯૫૬ના રોજ હરિયાણાના મહેન્દ્રગઢમાં જન્મેલા સતીષ કૌશિક કૌશિકે દિલ્હીની 'નેશનલ સ્કૂલ ઑફ ડ્રામા' તથા પુણેની 'ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા' જેવી ખ્યાતનામ સંસ્થાઓમાં અભ્યાસ કર્યો હતો. ૧૯૮૩માં આવેલી કુંદન શાહની કલ્ટ ક્લાસિક કોમેડી ફિલ્મ 'જાને ભી દો યારોં'થી તેમણે પોતાની અભિનય કારકિર્દીની શરૂઆત કરી હતી. એ જ વર્ષે એમણે અનીલ કપૂર સાથેની 'વો સાત દિન', શેખર કપૂરની 'માસૂમ' અને શ્યામ બેનેગલની 'મંડી' જેવી ફિલ્મોમાં પણ અભિનય કર્યો હતો. અભિનેતા તરીકે 'મિ. ઈન્ડિયા', 'સ્વર્ગ', 'જમાઈ રાજા', 'સાજન ચલે સસુરાલ', 'દીવાના મસ્તાના', 'બડે મિયાં છોટે મિયાં', 'હમારા દિલ આપકે પાસ હૈ', 'હદ કર દી આપને', 'દુલ્હન હમ લે જાયેંગે' જેવી અઢળક ફિલ્મોમાં જોવા મળ્યા હતા. છેલ્લે તેઓ રિશિ કપૂર જેને અધૂરી મૂકીને અવસાન પામેલા તે ફિલ્મ 'શર્માજી નમકીન' અને અનિલ કપૂર સાથેની 'થાર'માં તથા નુસરત ભરૂચાની ફિલ્મ 'છત્રીવાલી'માં જેવા મળ્યા હતા. તેમની કંગના રણૌત અભિનીત પિરિયડ ફિલ્મ 'ઈમર્જન્સી' હજુ રિલીઝ થવાની બાકી છે, જેમાં તેમણે 'બાબુ જગજીવન રામ'ની ભૂમિકા ભજવી છે.

ત્રણ વર્ષ પહેલાં આવેલી પ્રતીક ગાંધીની 'સ્કેમ ૧૯૯૨'માં પણ તેમનો અભિનય વખણાયો હતો. આવનારા દિવસોમાં તેઓ રાજ એન્ડ ડીકે દ્વારા બનાવાઈ રહેલી સિરીઝ 'ગન્સ એન્ડ ગુલાબ્સ'માં જોવા મળશે. જે હવે તેમની છેલ્લી યાદગીરીઓ બનીને રહી જશે.

સતીષ કૌશિકે ૧૯૯૩માં અનિલ કપૂર-શ્રીદેવી સ્ટારર મોંઘીદાટ ફિલ્મ 'રૂપ કી રાની ચોરોં કા રાજા' ડિરેક્ટ કરી હતી, જે સુપરફ્લોપ રહી હતી. એ પછી એમણે 'હમ આપકે દિલ મેં રહતે હૈ', 'હમારા દિલ આપકે પાસ હૈ', 'મુઝે કુછ કહના હૈ', 'તેરે નામ', 'કાગઝ' જેવી ફિલ્મો બનાવી હતી. ૧૯૯૦માં આવેલી સુભાષ ઘઈની ફિલ્મ 'રામ-લખન' અને ૧૯૯૭ની ગોવિંદા સાથેની ડેવિડ ધવનની ફિલ્મ 'સાજન ચલે સસુરાલ' માટે કૌશિકને બેસ્ટ કોમેડિયનનો ફિલ્મફેર અવૉર્ડ મળ્યો હતો.સતીષ કૌશિકના પરિવારમાં તેમનાં પત્ની શશિ કૌશિક અને એક દીકરી વંશિકા છે. ૧૯૯૬માં એમનો દીકરો શાનુ કૌશિક માત્ર બે વર્ષની ઉંમરે અવસાન પામ્યો હતો. દીકરી વંશિકા અત્યારે માત્ર ૧૧ વર્ષની છે, જેનો જન્મ ૨૦૧૨માં સરોગસીથી થયો હતો.

## નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મોહમ્મદ શમીનું નામ લઈ 'જય શ્રી રામ'ના નારા લાગ્યા

અમદાવાદ,તા.૧૧

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાઈ રહેલી ટેસ્ટ મેચની દરમિયાન અત્યંત શરમજનક હરકતનો એક વીડિયો સામે આવ્યો છે. સ્ટેડીયમમાં હાજર કેટલાક દર્શકોએ ભારતીય ફાસ્ટ બોલર મોહમ્મદ શમીનું નામ લઈને જય શ્રી રામના નારા લગાવ્યા હતા. આ ઘટનાનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. લોકો આ ઘટનાની ભારે નિંદા કરી રહ્યા છે.

આ ઘટના અમદાવાદ ટેસ્ટ મેચની શરૂઆત પહેલાની હોવાનું કહેવાય છે. વીડિયોમાં ભારતીય ખેલાડીઓ બાઉન્ડ્રીની નજીક ઉભા જોવા મળે છે. આ દરમિયાન સ્ટેડિયમમાં હાજર કેટલાક દર્શકો સૂર્યકુમાર યાદવનું નામ બોલાવે છે, ત્યારબાદ મોહમ્મદ શમીને જોતા જ તેઓ જય શ્રી રામના નારા લગાવવા લાગ્યા હતા. વિડીયોમાં એક દર્શકને 'શમી કો જય શ્રી રામ' કહેતો પણ સાંભળવા મળે છે.

સોશિયલ મીડિયા પર આ વીડિયો સામે આવ્યા બાદ લોકોની પ્રતિક્રિયાઓ આવી રહી છે. ક્રિકેટ ચાહકો આ ઘટનાની નિંદા કરી રહ્યા છે અને ગુજરાત ક્રિકેટ એસોસિએશનને આ મામલે પગલાં લેવા અપીલ કરી રહ્યા છે.મોહમ્મદ શમી સાથે આવું પહેલીવાર નથી બન્યું. અગાઉ, જ્યારે ભારતીય ટીમ_૨૦ વર્લ્ડ કપ ૨૦૨૧માં પાકિસ્તાન સામે એકતરફી ૧૦ વિકેટથી હારી ગઈ હતી, ત્યારે સોશિયલ મીડિયા પર એક ખાસ ધર્મ વિશેષના યૂઝર્સે શમીને આ હાર માટે દોષી ઠેરવ્યો હતો.

## ગત બે મહિનાથી દરરોજ મુખ્યમંત્રી શિવરાજ ચૌહાણ અને કમલનાથ વચ્ચે રાજકીય જંગ જોવા મળી રહી છે

ભોપાલ,તા.૧૧

મધ્યપ્રદેશમાં ૨૦૨૩ ચુંટણીમાં ભલે જ હજુ આઠ મહીના બાકી છે પરંતુ ભાજપ અને કોંગ્રેસ બંન્નેએ જ સત્તાના રણ માટે કમર કસી લીધી છે.ગત બે મહીનાથી દરરોજ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ અને પૂર્વ મુખ્યમંત્રી કમલનાથની વચ્ચે રાજકીય જંગ જોવા મળી રહ્યો છે.શિવરાજ દરરોજ કમલનાથને એક સવાલ પુછે છે તો કમલનાથ તેના દ્વારા તેના પર પલટવાર કરે છે.

પત્રાકારો સાથે ચર્ચા દરમિયાન મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે એકવાર ફરી કમલનાથને તેમના વચન પત્રને લઈ સવાલ પુછયો તેમણે કહ્યું કે હું કમલનાથજીને સતત સવાલ પુછી રહ્યો છે જુઠ્ઠાણાના સહારે કમલનાથ બિચારા,ગત ચુંટણીમાં પણ જુઠ્ઠાણાના સહારે જ હતાં વચન આપીને પુરા કર્યા નહીં હવે ફરી નવું વચન પત્રના રૂપમાં નવું જુઠ્ઠાણુ પત્ર બનાવ વાનું અભિયાન તેમનું ચાલી રહ્યું છે પરંતુ જુનાનું શું થયું

મુખ્યમંત્રી શિવરાજ ચૌહાણે કહ્યું કે હું આજ ફરી પુછી રહ્યો છું કે કમલનાથજી તમે વચન આપ્યું હતું કે બજેટમાં મહિલાઓ માટે ૪૦ ટકાનું ઓવરઓલ બજેટની જોગવાઈ કરીશું તમે શું કર્યું હું ફરી કહી રહ્યો છું તમે બેગા ભારિયા સહરિયા જેવી ગરીબ બહેનો માટે જે ૧૦૦૦ રૂપિયા મહીના અમે આપી રહ્યાં હતાં તે પણ બંધ કરી દીધા હતાં તમારા વચનોનું શું થયું

મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે પૂર્વ મુખ્યમંત્રી અને વર્તમાન કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ કમલનાથ પર તેમના ઘોષણા પત્રને લઈ નિશાન સાધ્યું હતું આવામાં કલાકમાં જ કમલનાથે ટ્વીટ કર્યું કે શિવરાજ સિંહ ચૌહાણે આજ સુધી જેટલા ધોષણા પત્ર તૈયાર કર્યા તેમાં મહિલાઓથી કરવામાં આવેલ કોઈ વચન પુરૂ કર્યું નથી તમે તો ઓછામાં ઓછું મહિલા હિતના સવાલ ન પુછો તો જ સારૂ.તમારા ૧૮ વર્ષના શાસનમાં મધ્યપ્રદેશને મહિલા અત્યાચારમાં સમગ્ર દેશમાં નંબર વન બનાવ્યા બાદ તમે કયાં મોઢે સવાલ પુછી રહ્યાં છે.

પૂર્વ મુખ્યમંત્રી કમલનાથે લખ્યું કે વિધાનસભામાં ચર્ચાથી તમારી સરકાર ભાગે છે.કિસાનોનો મુદ્દો ઉઠાવવા પર તમે કોંગ્રેસના ધારાસભ્ય જીતુ પટવારીને ગેરબંધારણીય રીતે બરતરફ કરી દીધા,સોદાબાજીની સરકાર વિધાનસભામાં મનમાની કરી શકે છે પરંતુ પ્રદેશની જનતાનું મોં બંધ કરી શકતા નથી આથી તમારી સરકારની ગેરકાયદેસર હરકતો અને જનવિરોધી વિચારના પર્દાફાશ માટે ભોપાલમાં કોંગ્રેસ પ્રદર્શન કરશે હકીકતમાં ૨૦૨૩ના અંતમાં વિધાનસભા ચુંટણી થનાર છે જાહેર છે કે ચુંટણી પહેલા ફરી બંન્ને પાર્ટીઓના ધોષણા પત્ર બનશે,દાવા અને વચનો કરવામાં આવશે આજ કારણ છે કે ૧૮ વર્ષોથી સત્તામાં કાગળથી ભાજપના મુખ્યમંત્રી શિવરાજ,કમલનાથના જુના ધોષણાપત્રને જ આધાર બનાવી તેમને ખોટા ઠેરવી રહ્યાં છે તો કમલનાથ પણ ભાજપના ધોષણા પત્રના આધાર પર જ સતત તેમના પર પ્રહારો કરતા નજરે પડી રહ્યાં છે.

## યોગીના રાજમાં ૧૦ હજારથી વધુ એક્રાઉન્ટર: યુપીમાં રેપ અને કિડનેપિંગના કેસ ઘટ્યા પરંતુ મર્ડરના કેસ હજુ પણ ટોપ ઉપર

લખનૌ,તા.૧૧

૬ માર્ચની સવારે યુપી પોલીસની સ્પેશિયલ ઓપરેશન ટીમે પ્રયાગરાજના લાલપુર ગામને ચારે બાજુથી ઘેરી લીધું હતું. સર્ચ ઓપરેશન હાથ ધર્યા બાદ શૂટર વિજય ચૌધરી ઉર્ફે ઉસ્માન સવારે ૫.૩૦ વાગ્યે પોલીસ દ્વારા એક્રાઉન્ટરમાં માર્યો ગયો હતો. આરોપ છે કે ઉમેશ પાલ મર્ડર કેસમાં તેણે પહેલી ગોળી ચલાવી હતી. અગાઉ આ જ કેસના અન્ય એક આરોપી અરબાઝને પણ પોલીસ દ્વારા આવા જ એક્રાઉન્ટરમાં ઠાર કરવામાં આવ્યો હતો.આ વર્ષના પ્રથમ બે મહિનામાં ઉત્તર પ્રદેશમાં ૯ એક્રાઉન્ટર થઈ ચૂક્યા છે. આ કારણે યોગી રાજમાં ફરી એકવાર એક્રાઉન્ટર જસ્ટિસની ચર્ચાએ જોર પકડ્યું છે. છેલ્લા ૬ વર્ષમાં યુપીમાં કેટલા એક્રાઉન્ટર થયા? આમાં કેટલા લોકોનાં મોત થયા? કેટલા ઘાયલ થયા અને આ એક્રાઉન્ટરોથી સર્જાયેલા વાતાવરણને કારણે શું ગુનામાં ઘટાડો થયો? બદમાશોના ગોળીબારને કારણે આ એક્રાઉન્ટર્સમાં લગભગ ૧૪૦૦ પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા. જ્યારે, આ એક્રાઉન્ટરોમાં ૨૩ હજારથી વધુ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.

આ કારણોસર, એવું કહેવામાં આવી રહ્યું છે કે યોગી આદિત્યનાથની આગેવાનીવાળી સરકારે રાજ્યમાં ગુનાખોરી પર અંકુશ લાવવા માટે પોલીસને ખુલ્લી છૂટ આપી છે. જેના કારણે ૨૫ માર્ચ ૨૦૨૨થી ૧ જુલાઈ ૨૦૨૨ સુધીના માત્ર ૩ મહિનામાં કુલ ૫૨૫ એક્રાઉન્ટર થયા છે. ૮ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ, સંસદમાં પૂછવામાં આવેલા એક પ્રશ્નના જવાબમાં, કેન્દ્ર સરકારે કહ્યું કે જાન્યુઆરી ૨૦૧૭થી જાન્યુઆરી ૨૦૨૨ વચ્ચે, છત્તીસગઢમાં પોલીસ એક્રાઉન્ટરમાં મૃત્યુ પછી સૌથી વધુ ૧૯૧ કેસ નોંધાયા હતા. બીજા નંબર પર ઉત્તર પ્રદેશ છે, જ્યાં કુલ ૧૧૭ કેસ નોંધાયા છે.

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો એટલે કે એનસીઆરબીના રિપોર્ટ અનુસાર આઈપીસી હેઠળ નોંધાયેલા એકંદર ગુનાઓ યુપીમાં ઘટવાને બદલે વધી રહ્યા છે. ૨૦૧૯માં, ઉત્તર પ્રદેશમાં આઈપીસી કલમો હેઠળ ૩,૫૩,૧૩૧ કેસ નોંધાયા હતા. જ્યારે ૨૦૨૦માં ૩,૫૫,૧૧૦ અને ૨૦૨૧માં ૩,૫૭,૯૦૫ કેસ નોંધાયા હતા. જો કે, ઘણી વખત વધુ કેસ નોંધાય છે તેનો અર્થ એ પણ છે કે સામાન્ય લોકોની પોલીસ સુધીની પહોંચ વધુ સરળ બની છે. જેના કારણે પહેલા કરતાં વધુ કેસ નોંધાઈ રહ્યા છે.

સુપ્રીમ કોર્ટના વકીલ વિરાગ ગુપ્તા કહે છે કે એક્રાઉન્ટરને ભારતના કોઈપણ કાયદામાં ન્યાયી કે કાયદેસર ઠેરવવામાં આવ્યું નથી. કલમ ૨૧માં જીવન જીવવાના અધિકારને મૂળભૂત અધિકાર તરીકે ગણવામાં આવ્યો છે. કાયદામાં સ્પષ્ટ છે કે સરકાર વ્યક્તિનો જીવન જીવવાનો અધિકાર માત્ર અને માત્ર કાયદાકીય રીતે છીનવી શકે છે. એક્રાઉન્ટર એ નકારાત્મક પાસું છે. બંધારણ કાયદાના શાસનની વાત કરે છે. મતલબ કે કોર્ટના નિર્ણય બાદ જ આરોપીને દોષિત ગણવામાં આવશે. તેને કોર્ટ જ મોતની સજા સંભળાવી શકે છે. જ્યાં સુધી કોર્ટમાં દોષિત સાબિત ન થાય ત્યાં સુધી તેને નિર્દોષ માનવામાં આવે છે.

## જેએનયુ માત્ર એક સંસ્થા નથી પરંતુ એક સંસ્કૃતિ છે, ૧૩૦ કરોડ ભારતીયો અહીંના વિદ્યાર્થીઓ પર વિશ્વાસ કરે છે – શિક્ષણ મંત્રી

નવીદિલ્હી,તા.૧૧

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી (જેએનયુ) ના છઠ્ઠા દીક્ષાંત સમારોહમાં હાજરી આપી હતી. આ દરમિયાન તેમણે વિદ્યાર્થીઓ અને યુનિવર્સિટીના પ્રોફેસરો સહિત અન્ય અધિકારીઓને સંબોધિત કર્યા હતા. તેમના સંબોધનમાં શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને જેએનયુને એક બહુ-વિવિધ સંસ્થા તરીકે વર્ણવ્યું, જયાં વિદ્યાર્થીઓ દેશના વિવિધ ખૂણામાંથી અભ્યાસ કરવા આવે છે. તેમણે કહ્યું કે, જેએનયુ એક સંશોધન યુનિવર્સિટી છે અને આટલી વૈવિધ્યસભર સંસ્થા દેશમાં નથી.શિક્ષણ મંત્રીએ કહ્યું કે, આ યુનિવર્સિટીમાંથી પાસ આઉટ થનારા વિદ્યાર્થીઓએ સમાજમાં મોટી ભૂમિકા ભજવવાની હોય છે. તેમના સંબોધનમાં તેમણે કહ્યું કે, જેએનયુ વિવિધતા, સંવેદનશીલતા, સર્વસમાવેશકતા, સમાનતા, ગુણવત્તા અને પોષણક્ષમતા માટે જાણીતું છે. જેએનયુ માત્ર એક સંસ્થા નથી પરંતુ એક સંસ્કૃતિ છે. તેમણે કહ્યું કે, ચર્ચાને હંમેશા આવકારવી જોઈએ.કેન્દ્રીય મંત્રીએ જેએનયુના વિદ્યાર્થીઓને ભારતના લોકતંત્રના મૂળ પર સંશોધન કરવા અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે, ભારત માત્ર વિશ્વનું સૌથી મોટું લોકતંત્ર નથી, પરંતુ તે લોકશાહીની માતા છે. ભારતના ૧૩૦ કરોડ લોકોને જેએનયુના વિદ્યાર્થીઓ પર પૂરો વિશ્વાસ છે. અહીંના વિદ્યાર્થીઓ વૈશ્વિક નાગરિક બનશે.તેમણે કહ્યું કે, જેએનયુ એ સુનિશ્ચિત કરીને એક ઉદાહરણ સ્થાપિત કર્યું છે કે તમામ પૃષ્ઠભૂમિના વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ બનવાની સમાન તકો આપવામાં આવે. શિક્ષણ મંત્રીએ વધુમાં કહ્યું કે, જેએનયુએ એક અનોખી સંસ્કૃતિ વિકસાવી છે જેમાં સિનિયરો, શિક્ષકો અને સાથીઓ બધા સાથે મળીને વિદ્યાર્થીના વિકાસને સુનિશ્ચિત કરે છે.જેએનયુના વાઈસ ચાન્સેલર શાંતિશ્રી ધુલીપુડી પંડિતે જણાવ્યું કે, યુનિવર્સિટીમાં ભણતા ૫૨ ટકા વિદ્યાર્થીઓ એવા છે જેઓ એસસી, એસટી અથવા ઓબીસી કેટેગરીના છે. તેમણે કહ્યું કે, આ વર્ષે છઠ્ઠું દીક્ષાંત સમારોહ છે. કુલ ૯૪૮ સંશોધકોને ડિગ્રી એનાયત કરવામાં આવી છે. આ વખતે પુરૂષો કરતા મહિલા રિસર્ચરની સંખ્યા વધુ રહી છે.

## ૨૦ માર્ચે જાપાનના વડાપ્રધાન કિશિદા ભારત આવી રહ્યા છે

નવીદિલ્હી,તા.૧૧

જાપાનના વડાપ્રધાન ફુમિયો કિશિદા ૨૦ અને ૨૧ માર્ચે ભારતની સત્તાવાર મુલાકાત કરશે. આ દરમિયાન તેઓ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મહત્વપૂર્ણ વાતચીત કરશે. ટોક્યો અને નવી દિલ્હીમાં યોજાનાર જી૭ અને જી ૨૦ની અધ્યક્ષતા અંગે પોતાની પ્રાથમિકતાઓ અંગે પણ ચર્ચા થશે. રશિયા અને યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધની વચ્ચે બંને વડાપ્રધાનો વચ્ચેની આ વાતચીતને ઘણી મહત્વપૂર્ણ મનાય છે.

આ વાતચીત દરમિયાન ચીનને ઘેરવા માટે એક વ્યૂહાત્મક ચર્ચા થવાની પણ અટકળો ચાલી રહી છે. ઉપરાંત બંને નેતાઓ પરસ્પર હિતના દ્વિપક્ષીય અને પ્રાદેશિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરશે.

મળતી માહિતી મુજબ રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે જાપાનના વડાપ્રધાનની ભારત મુલાકાત ઘણી મહત્વની છે. આ મુલાકાત પર દરેકની નજર રહેશે. જાપાનના વડાપ્રધાનની ભારત મુલાકાત ૧૯ માર્ચથી શરૂ થશે, જેમાં તેઓ ૩ દિવસ ભારતમાં રહેશે.

NEWS OF GANDHINAGAR_P-1

## તંત્રી સ્થાનેથી...

# રાજકીય ભ્રષ્ટાચાર

જમીનના બદલે નોકરીના કેસમાં રાબડી દેવી બાદ સીબીઆઈએ રાજદ પ્રમુખ લાલુ પ્રસાદ યાદવ અને રાજ્યસભા સદસ્ય મીસા ભારતીની લાંબી પૂછપરછ કરી. આ પૂછપરછ રાજદ નેતાઓને ના જ ગમે તે સ્વાભાવિક છે, પરંતુ તેમના એમ કહેવાથી કામ નથી ચાલવાનું કે સીબીઆઈનો દુરુપયોગ થઈ રહ્યો છે અથવા કેન્દ્ર સરકાર બદલાની ભાવના સાથે કામ કરી રહી છે. તેમણે એ જણાવવું જોઈએ કે સીબીઆઈના આ આરોપ સાચા છે કે નહીં, કે લાલુ યાદવે રેલવે મંત્રી રહેતા વખતે કેટલાક લોકોની જમીન લઈને તેમને નોકરી આપવાનું કામ કર્યું હતું? તેની અવગણના ન કરી શકાય કે એવા કેટલાક લોકો સામે આવ્યા છે, જેમણે એ માન્યું છે કે તેમને જમીન આપીને રેલવેમાં નોકરી મેળવી હતી. રાબડી દેવી અને લાલુ યાદવની સીબીઆઈની પૂછપરછને લઈને વિપક્ષી દળોએ પણ વાંધો વ્યક્ત કર્યો છે. એવા પક્ષોમાં જેડીયુ પણ છે. એક સમયે આ જ જેડીયુ નોકરીને બદલે જમીન કેસમાં લાલુ યાદવ વિરુદ્ધ આક્રમક હતો. શું જેડીયુ નેતાઓ એમ માની રહ્યા છે કે પ્રદેશ અને દેશના લોકો ભૂલી ગયા હશે કે થોડા સમય પહેલાં આ કેસમાં તેનું વલણ કેવું હતું?

કેટલાક વિપક્ષી નેતાઓએ દિલ્હીના પૂર્વ ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયાની ધરપકડને પણ કેન્દ્રીય એજન્સીઓના દુરુપયોગ તરીકે પ્રચારિત કરી છે. એનાથી પણ વાત બનવાની નથી, કારણ કે જો દિલ્હીની આબકારી નીતિમાં કોઈ ગરબડ ન હતી અને તેનાથી કેટલાક લોકો અયોગ્ય રીતે લાભાન્વિત નહોતા થતા તો પછી તેને એકાએક પાછી શું કામ ખેંચી લીધી? તેમની ધરપકડ પર જે રાજકીય પક્ષોએ કેન્દ્ર સરકારને ઘેરી છે, તેમાં એ પક્ષો પણ છે, જેમના નેતા ભ્રષ્ટાચારના ગંભીર આરોપોથી ઘેરાયેલા છે. એક વિચિત્ર વાત એ પણ છે કે આમ આદમી પાર્ટીના નેતા જ્યારે આંદોલનના દોરમાં હતા, ત્યારે તેમણે જે તમામ વિપક્ષી નેતાઓ પર ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા હોવાના આરોપ લગાવ્યા હતા, આજે તેમનો સહારો લઈ રહ્યા છે. તેનાથી કંઈ સાબિત થતું હોય તો એ જ કે આમ આદમી પાર્ટી અન્ય પક્ષો જેવી જ છે. રાજનીતિ બદલવા અને નવા પ્રકારની રાજનીતિ કરવા માટે આવેલી આમ આદમી પાર્ટીનો વ્યવહાર અન્ય પક્ષોને પણ ચાર ચાસણી ચડે તેવો થઈ ગયો છે. આ બાબત આશ્ચર્યજનક છે. જ્યાં સુધી કેન્દ્રીય તપાસ એજન્સીઓના દુરુપયોગની વાત છે, આ એવો આરોપ છે, જેનો સામનો કેન્દ્રની પ્રત્યેક સત્તાએ કર્યો છે. આ આરોપની સચ્ચાઈ જે હોય તે, એનો ઈનકાર ન કરી શકાય કે રાજકીય ભ્રષ્ટાચાર પહેલાંની જેમ જ બેરોકટોક ચાલુ છે. નેતાઓ અને અધિકારીઓના રોજબરોજ ખૂલતા કૌભાંડોથી એ જ સ્પષ્ટ થાય છે કે રાજકીય ભ્રષ્ટાચાર બેલગામ છે. એના પર સખ્તાઈથી રોક લગાવવાની જરૂર છે.

# શાળાઓમાં ગુજરાતી ભણાવવાનો કાયદોઃ સાપ મરશે નહિ અને લાકડી ભાંગશે નહિ

ગુજરાત સરકારે પ્રથામિક શાળાઓમાં ગુજરાતી ભાષા એક વિષય તરીકે ભણાવવા માટે જે વિધેયક વિધાનસભામાં રજૂ કર્યું છે તેને વિશે કેટલાક મુદ્દાઃ

(૧) કાયદો કલમ-૩(૨) અનુસાર માત્ર ધોરણ-૩થી ધોરણ-૮ના પ્રાથમિક શિક્ષણને જ લાગુ પડે છે. એટલે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણને લાગુ પડતો નથી. એનો અર્થ એ છે કે આઠમા ધોરણ પછી બાળકને અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ગુજરાતી ભણાવવામાં નહિ જ આવે. વળી, તે પહેલા અને બીજા ધોરણને પણ લાગુ પડતો નથી! આ તો હદ થઈ ગઈ. આ તો પાકા ઘડે કાંઠા ચઢાવવાની વાત થઈ!

(૨) સરકાર આ કાયદો લાવી છે એનું કારણ વડી અદાલતનો આદેશ છે, તેને ગુજરાતી ભાષા પ્રત્યે કોઈ પ્રેમ છે એવું કશું છે જ નહિ. જો એમ હોત તો ધોરણ-૧૨ સુધી ગુજરાતી ભાષા ફરજિયાત કરતો કાયદો કર્યો હોત. સરકારને એમ કરતાં રોકે છે કોણ?

(૩) સરકાર પોતે જ અંગ્રેજી ભાષાને પ્રોત્સાહન આપે છે. નરેન્દ્ર મોદીની સરકારે જ અંગ્રેજી ભાષા કોલેજોમાં શિખવવા માટે ખાસ સ્કોપ નામનો કાર્યક્રમ કરોડો રૂપિયાના ખર્ચે અમલમાં મૂક્યો હતો.

(૪) ગુજરાતમાં શિક્ષણનું જે ખાનગીકરણ થયું છે તેણે જ અંગ્રેજી ભાષાને પ્રાધાન્ય આપ્યું છે. હાલ ગુજરાતમાં આશરે ૪૪ લાખ બાળકો ખાનગી શાળાઓમાં અંગ્રેજી માધ્યમમાં છે. તેઓ આઠમા ધોરણ સુધી જ એક વિષય તરીકે ગુજરાતી ભાષા ભણે તો ગુજરાતી ભાષાનું ગૌરવ ઊભું થશે એમ માનવું એ ભ્રમ છે.

(૫) કાયદાની કલમ-૮માં ગુજરાતી ભાષા એક મહિના સુધી ન ભણાવતી શાળાને ? ૫૦,૦૦૦થી માંડીને ? ૨.૦ લાખ સુધીનો દંડ કરવાની જોગવાઈ છે. આ રકમ ઘણી જ ઓછી છે. મોટે ભાગે ગુજરાતી ભાષા નહિ ભણાવવાનું વલણ ખાનગી શાળાઓમાં જ છે કે જેઓ લાખો રૂપિયાની ફી ઉઘરાવી છે. તેમને માટે આ રકમ ખૂબ જ નાની છે.

(૬) કાયદામાં કલમ-૮(૩)માં સરકારી અધિકારીને ગુજરાતી ન શીખવતી શાળાને દંડમાં વધારો કે ઘટાડો કરવાની સત્તા આપવામાં આવી છે. એને પરિણામે તો ભ્રષ્ટાચાર વધી શકે છે. આવી વિવેકાધીન સત્તા અધિકારીને આપવાની શી જરૂર છે? આ તો સાપ મરે નહિ અને લાકડી ભાંગે નહિ એવો ઘાટ થયો!

(૬) કાયદાની કલમ-૮(૫) અને કલમ-૮(૬)માં શાળાને સુનાવણીની તક આપવાની અને ત્યાં સુધી દંડ ન કરવાની જોગવાઈ છે. એક વર્ષ પછી શાળાનું જોડાણ રદ કરવાની જોગવાઈ છે. એમ લાગે છે કે એક વર્ષનો સમયગાળો ઘણો લાંબો છે અને દંડની મર્યાદા તો ? ૨.૦ લાખ નક્કી છે. આમ, ખાનગી શાળાઓને બહુ મોટી છૂટ આપવામાં આવી છે.

(૭) વળી, જો શાળાનું જોડાણ એક વર્ષ પછી રદ કરવામાં આવે તો પણ એટલાં બાળકોને ગુજરાતી વિષય ભણવાનો લ્હાવો નહિ મળે.

(૮) હકીકતમાં તો જો ગુજરાતી ભાષાને જીવતી રાખવી હોય તો શાળાનું અને લગભગ બધું ઉચ્ચ શિક્ષણ ગુજરાતીમાં આપવાની જ વ્યવસ્થા થવી જોઈએ. પરંતુ આજે તો તબીબી અને ઈજનેરી શિક્ષણ સહિતનું ઉચ્ચ શિક્ષણ અંગ્રેજી માધ્યમમાં અપાય તો જ વિકાસ થાય એવો ભ્રમ પ્રવર્તે છે. હકીકતમાં આર્થિક વિકાસ અને ભાષાને કોઈ સંબંધ છે જ નહિ. ગુજરાતનો વિકાસ દર ૧૯૬૦થી હંમેશાં લગભગ ભારતના સરેરાશ વિકાસ દર કરતાં વધારે જ રહ્યો છે. ગુજરાતી ભાષા કે ગુજરાતી માધ્યમ એમાં ક્યાંય નડ્યું જ નથી. યુરોપના ...દ્ર સિવાય એક પણ દેશની ભાષા અંગ્રેજી નથી અને છતાં તેમની માથાદીઠ આવક ભારત કરતાં પાંચથી દસ ગણી વધારે છે. આ હકીકત જ એમ પુરવાર કરે છે કે ભાષા અને વિકાસ વચ્ચે કોઈ સહસંબંધ નથી.

(૯) ગુજરાત સરકારે પોતે પોતાના વહીવટમાં સંપૂર્ણપણે ગુજરાતી ભાષા જ વાપરવી જોઈએ. બંધારણ મુજબ ગુજરાતી પણ ભારતની અન્ય ભાષાઓની જેમ જ રાષ્ટ્રભાષા છે.

(૧૦) ગુજરાતની વડી અદાલત સહિતની તમામ અદાલતોમાં વહીવટ, અરજીઓ, દલીલો અને ચુકાદાની ભાષા ગુજરાતી બનવી જ જોઈએ. વડી અદાલત પોતે સરકારને ગુજરાતી ભાષા માટે આદેશ આપે છે અને તેનો પોતાનો વહીવટ તો અંગ્રેજીમાં ચાલે છે, એ એક વિચિત્ર વાસ્તવિકતા છે.

(૧૧) સરકાર પોતાના કર્મચારીઓ અને અધિકારીઓનું ગુજરાતી સુધરે એને માટે તાલીમના પ્રયાસો કરે અને એને માટે થોડાક કરોડ રૂપિયા ખર્ચાય તો વાંધો નહિ.

(૧૨) કમ-સે-કમ ગુજરાતીના શિક્ષકો અને અધ્યાપકોનું ગુજરાતી પણ પાક્કું થાય તે માટે સઘન પ્રયાસો કરવા જોઈએ. તેમને માટે તાલીમના કાર્યક્રમો કે ઓપ વર્ગો ગોઠવવા જોઈએ.

(૧૩) ગુજરાતી માધ્યમની તમામ શાળાઓ અને કોલેજોમાં તમામ વિષયો ભણાવતા શિક્ષકો અને અધ્યાપકોનું ગુજરાતી સારું થાય તેને માટે અભિમુખતા વર્ગોની આવશ્યકતા છે. તેને માટે પણ સરકારે થોડાક કરોડ રૂપિયા ખર્ચવાની જરૂર છે.

(૧૪) ખાનગી શાળાઓમાં ગુજરાતીના શિક્ષકોની નિમણૂક માટેની લઘુતમ લાયકાત જળવાય તે જરૂરી છે.

સૌજન્યઃ- પ્રો. હેમંતકુમાર શાહ, તા.૨૮-૦૨-૨૦૨૩.

# અમેરિકામાં મોટી બેંકિંગ કટોકટી સર્જાઈ! આ બેંકના દરવાજે તાળાં લટક્યા, ભારતીય રોકાણકારો પણ ચિંતિત

વોશિંગ્ટન,તા.૧૧

અમેરિકામાં વધુ એક મોટી બેંકિંગ કટોકટી જોવા મળી રહી છે. યુએસ રેગ્યુલેટરે મુખ્ય બેંકોમાંની એક સિલિકોન વેલી બેંકને બંધ કરવાનો આદેશ આપ્યો છે. એક મીડિયા રિપોર્ટ અનુસાર કેલિફોર્નિયા ડિપાર્ટમેન્ટ ઓફ ફાઈનાન્સિયલ પ્રોટેક્શન એન્ડ ઈનોવેશનએ આ બેંકને બંધ કરવાનો આદેશ આપ્યો છે. આ સાથે ફેડરલ ડિપોઝિટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશનને બેંકના રીસીવર બનાવવામાં આવ્યા છે. ગ્રાહકોના પૈસા સુરક્ષિત રાખવાની જવાબદારી પણ આપવામાં આવી છે. આ કટોકટીને ધ્યાનમાં રાખીને ફેડરલ ડિપોઝિટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશની પણ એક ટીમની રચના કરી છે. બીજી તરફ ભારતમાં આ સમાચાર સામે આવતાની સાથે જ ભારતીય રોકાણકારો અને સિલિકોન વેલી કંપનીઓના સ્થાપકોની ચિંતા વધી ગઈ છે.

સિલિકોન વેલી અમેરિકાની ૧૬મી સૌથી મોટી બેંક છે. વર્ષ ૨૦૦૮ની નાણાકીય કટોકટી પછી આટલી મોટી બેંક બંધ થઈ ગઈ છે અને તેણે ટેક ઈન્ડસ્ટ્રીને આંચકો આપ્યો છે. બેંક પાસે ૨૦૯ બિલિયન ડોલરની સંપત્તિ અને ૧૭૫.૪ બિલિયન ડોલરની થાપણો હતી. આ બેંક નવા યુગની ટેક કંપનીઓ અને સાહસ મૂડીમાં રોકાણ કરતી કંપનીઓને નાણાકીય સહાય પૂરી પાડતી હતી. તે સ્પષ્ટ નથી કે આ સમયે એસવીબી થાપણો ૨૫૦,૦૦૦ ડોલરની મર્યાદાને કેટલી વટાવી ગઈ છે.છેલ્લા ૧૮ મહિનામાં ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં વધારાને કારણે ટેક કંપનીઓમાં રોકાણકારોનો રસ ઘટ્યો છે. તેમજ રોકાણકારો માટે જોખમ ઉભું થયું છે. સિલિકોન વેલી બેંક ટેક્નોલોજી ઉદ્યોગના સંપર્કમાં આવી હતી જેના કારણે તેની બેંકિંગ પર ખરાબ અસર પડી છે. બીજી તરફ, બાકીની બેંકો પાસે આને ટાળવા માટે પૂરતી મૂડી છે.અમેરિકાની આ બેંક બંધ થવાના સમાચારની અસર દુનિયાભરના દેશો પર જોવા મળી શકે છે.

### પંજાબમાં નાણાકીય વર્ષ

# ૨૦૨૩-૨૪ માટે પંજાબ માટે ૧ લાખ ૯૬ હજાર ૪૬૨ કરોડ રૂપિયાનું કુલ બજેટ રજૂ કર્યુ.

## બજેટમાં પહેલીવાર પંજાબના બોર્ડર બેલ્ટ માટે ૪૦ કરોડ રૂપિયાનો દાવો કરવામાં આવ્યો હતો

ચંડીગઢ,તા.૧૧

પંજાબમાં મુખ્યમંત્રી ભગવંત માનની આગેવાની હેઠળની આમ આદમી પાર્ટી (આપ) સરકારેવિધાનસભામાં તેનુ પ્રથમ પૂર્ણ બજેટ રજૂ કર્યુ. આમાં ન તો કોઈ નવો કર લાદવામાં આવ્યો કે ન તો કોઈ પ્રકારની છૂટ આપવામાં આવી. રાજ્યના નાણાં પ્રધાન હરપાલ સિંહ ચીમાએ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે પંજાબ માટે ૧ લાખ ૯૬ હજાર ૪૬૨ કરોડ રૂપિયાનું કુલ બજેટ રજૂ કર્યુ, જે ગયા વર્ષ કરતાં ૨૬% વધુ હતુ. ૨૦૨૨-૨૩માં પંજાબનુ કુલ બજેટ એક લાખ ૫૫ હજાર ૮૬૦ કરોડ રૂપિયા હતુ.સરકારનુ મહત્તમ ધ્યાન શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્ર પર હતું. પ્રથમ વખત, શાળાઓમાં એસ્ટેટ મેનેજરની નિમણૂક કરવાની જાહેરાત કરવામાં આવી હતી જેઓ ત્યાંના નિયમિત કાર્યનું ધ્યાન રાખશે. નાણામંત્રીએ કહ્યું કે, એસ્ટેટ મેનેજર તરીકે નિયુક્ત થયા બાદ શિક્ષકો માત્ર ભણાવવા પર ધ્યાન આપશે, જેનાથી શિક્ષણનું સ્તર સુધરશે. બજેટમાં પહેલીવાર પંજાબના બોર્ડર બેલ્ટ માટે ૪૦ કરોડ રૂપિયાનો દાવો કરવામાં આવ્યો હતો. નાણાપ્રધાને હોશિયારપુર-કપૂરથલામાં ૧૪૭ નવા મોહલ્લા ક્લિનિક્સ અને નવી મેડિકલ કોલેજો ખોલવાની જાહેરાત કરી અને ઉદ્યોગ માટે ૫ નવી યોજનાઓ સાથે. ૨.૫ લાખ નોકરીઓ આપવાની વાત પણ કરી હતી.

આપ સરકારના આ પહેલા સંપૂર્ણ બજેટમાં રાજ્યમાં ૧૮ વર્ષથી વધુ ઉંમરની દરેક મહિલાને દર મહિને એક હજાર રૂપિયા આપવાની કેજરીવાલની ગેરંટીનો કોઈ ઉલ્લેખ નથી. અરવિંદ કેજરીવાલે વર્ષ ૨૦૨૨માં પંજાબ વિધાનસભાની ચૂંટણી પહેલા આ ગેરંટી આપી હતી. કર્મચારીઓ માટે લાગુ કરવામાં આવેલી જૂની પેન્શન સ્કીમ પર બજેટમાં કંઈ કહેવામાં આવ્યું નથી. જો કે, નાણામંત્રીએ દાવો કર્યો કે તેમની સરકારે તેના ઘણા વચનો અને ગેરંટીઓને પૂર્ણ કરી છે.બજેટ દરમિયાન જ કોંગ્રેસના ધારાસભ્યોએ હંગામો શરૂ કર્યો હતો. તેના પર સ્પીકર કુલતાર સિંહ સંધવાને વિપક્ષી સભ્યોને સમજાવતા કહ્યું કે નાણામંત્રી ચીમાને અટકાવવું યોગ્ય નથી. તેમને બજેટ સંપૂર્ણ વાંચવાની છૂટ આપવી જોઈએ. કોંગ્રેસના ધારાસભ્યોને જે મુદ્દાઓ પર વાંધો છે તેની નોંધ કરો. બજેટ પર ચર્ચા દરમિયાન કોંગ્રેસના ધારાસભ્યોને બોલવા માટે પૂરો સમય આપવામાં આવશે. માત્ર સમાચારમાં રહેવા માટે અને તમારી હાજરીને ચિહ્નિત કરવા માટે આ પ્રકારનું વર્તન યોગ્ય નથી.

દિલ્લી સરકારની ૧૦ સ્કૂલોમાં થશે ઉર્જા સાક્ષરતા કાર્યક્રમ, શિક્ષા નિર્દેશાલયે જાહેર કર્યા નિર્દેશદિલ્લી સરકારની ૧૦ સ્કૂલોમાં થશે ઉર્જા સાક્ષરતા કાર્યક્રમ, શિક્ષા નિર્દેશાલયે જાહેર કર્યા નિર્દેશ

સ્પીકરની સમજાવટ છતાં, જ્યારે કોંગ્રેસના ધારાસભ્યો દ્વારા હંગામો ચાલુ રહ્યો, ત્યારે નાણામંત્રી હરપાલ સિંહ ચીમાએ તેમને સંબોધિત કર્યા અને તેમને સાંભળવાની હિંમત રાખવા કહ્યું. તેના પર સ્પીકરે કહ્યું કે તેમણે ગૃહમાં માત્ર અધ્યક્ષને સંબોધીને પોતાનું બજેટ પૂરું કરવું જોઈએ.ચીમાએ કહ્યું કે જ્યારે તેમની સરકારે સત્તા સંભાળી ત્યારે તેને વારસામાં મોટા દેવા મળ્યા હતા જે અગાઉની સરકારો દ્વારા લેવામાં આવ્યા હતા. આમ છતાં તેમની સરકાર પંજાબને આગળ લઈ જવા માટે મક્કમ છે. વર્તમાન નાણાકીય વર્ષમાં અગાઉની સરકારો દ્વારા લેવામાં આવેલી લોન પર સરકારે મૂળ રકમ તરીકે રૂ. ૧૫,૯૪૫ કરોડ અને વ્યાજ તરીકે રૂ. ૨૦,૧૦૦ કરોડ ચૂકવ્યા હતા.

# કોંગ્રેસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તુલના હિટલર અને સ્ટાલિન સાથે કરી

*નવીદિલ્હી,તા.૧૧*



*કોંગ્રેસ સાંસદ જયરામ રમેશે 'નરેન્દ્ર મોદી સ્ટેડિયમ' ને લઈને વડા પ્રધાન પર નિશાન સાધ્યુ છે. તેમણે પીએમ મોદી પર નિશાન સાધવા માટે પોતાના સમયના 'તાનાશાહો' નું એક લિસ્ટ ટ્વીટર પર શેર કર્યું જેમાં અંતમાં પીએમ મોદીનું નામ પણ લખ્યું છે. જયરામ રમેશે જણાવ્યું હતું કે પીએમ મોદીને તેમની તસવીર સાથે સન્માનિત કરતા જોઈને મને એવા નેતાઓની યાદી યાદ આવે છે જેમણે તેમના જીવનકાળ દરમિયાન સ્ટેડિયમનું નામ પોતાના નામ પર રાખ્યું હતું.જયરા રમેશે ટ્વીટર પર ૮ નામોનો ઉલ્લેખ કર્યો. તેમણે લખ્યું કે, સ્નું પોતાના નામના સ્ટેડિયમમાં પોતાની તસવીરથી ખુદને સમ્માનિત કરાવતા જોઈને અમને એ નેતાઓની યાદ અપાવે છે જેમણે પોતાના જીવનકાળ દરમિયાન સ્ટેડિયમોના નામ પોતાના નામ પર રખાવ્યા હતા. ત્યારબાદ તેમણે ૮ નામ લખ્યા જેના અંતમાં વડાપ્રધાન મોદીનું નામ પણ લખ્યું છે.*

*સૌથી પહેલા આ લિસ્ટમાં જોસેફ સ્ટાલિનનું નામ છે. ત્યારબાદ હિટલર, બેનિટો મુસોલિની, કિમ ઈલ સુંગ, મુઅમ્મર ગદ્દાફી, સદ્દામ હુસૈન, રેસેપ તૈયપ એર્ડોગન અને નરેન્દ્ર મોદીનું નામ છે. જયરામ રમેશે એક રીતે વડાપ્રધાન મોદીની તુલના આ તમામ નેતાઓ સાથે કરી છે.*

*જયરામ રમેશના આ ટ્વીટ પર બીજેપી નેતા તેજિંદર સિંહ સરને જવાબ આપ્યો છે. તેમણે ટ્વીટર પર જ લખ્યું છે કે, નેહરુ વંશના વડા પ્રધાન અમને અન્ય નેતાઓની યાદીની યાદ અપાવે છે જેમણે તેમના જીવનકાળ દરમિયાન તેમના નામ પર સ્ટેડિયમ/પુરસ્કારો બનાવ્યા હતા. તેમણે ૯ નામ લખ્યા જેમાં જવાહરલાલ નેહરુ, ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધી પણ સામેલ છે.*

*વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રેલિયન પીએમ એન્થોની અલ્બાનીઝે ગુરુવારે અમદાવાદના 'નરેન્દ્ર મોદી સ્ટેડિયમ' ખાતે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ચોથી ટેસ્ટ મેચ અડધા કલાક સુધી નિહાળી હતી. બંને વડાપ્રધાનોએ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે 'હોલ ઓફ ફેમ મ્યુઝિયમ'નું ઉદ્ઘાટન કર્યું હતું. ભારતીય કેપ્ટન રોહિત શર્મા અને ઓસ્ટ્રેલિયન કેપ્ટન સ્ટીવ સ્મિથે પોતપોતાના વડાપ્રધાનો સાથે મેદાન પર પહોંચ્યા અને અન્ય ખેલાડીઓ સાથે તેમનો પરિચય કરાવ્યો હતો.*

*વર્ષ ૨૦૨૦માં, ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના તત્કાલીન વડા પ્રધાન ડોનાલ્ડ ટ્રમ્પે ગુજરાતના અમદાવાદમાં વિશ્વના સૌથી મોટા સ્ટેડિયમનું ઉદ્ઘાટન કર્યું હતું. પહેલા તેનું નામ મોટેરા સ્ટેડિયમ હતું પરંતુ વર્ષ ૨૦૨૧માં તેનું નામ બદલી દેવામાં આવ્યું. તેનું નામ બદલીને 'નરેન્દ્ર મોદી સ્ટેડિયમ' રાખવામાં આવ્યું હતું. આ માટે કોંગ્રેસે પીએમ મોદી પર નિશાન સાધ્યું હતું. કોંગ્રેસે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પણ વચન આપ્યું હતું કે, જો તેની સરકાર બનશે તો તે નરેન્દ્ર મોદી સ્ટેડિયમનું નામ બદલીને સરદાર પટેલ સ્ટેડિયમ કરી દેવામાં આવશે.*

# સંજીવની દૂધના પાઉચ નદીમાં ફેંકી દેવા મુદ્દે તપાસના આદેશ અપાયા, તાત્કાલિક રિપોર્ટ રજૂ કરવા અધિકારીઓને સૂચન

તાપી,તા.૧૧

તાપીમાં પ્રાથમિક શાળામાં આપવામાં આવતા સંજીવની દૂધના પાઉચ નદીમાં ફેંકી દેવા મુદ્દે તપાસના આદેશ અપાયા છે. આદિવાસી વિસ્તારમાં રહેતા કુપોષિત બાળકોને પોષણ મળી રહે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા સંજીવની દૂધ યોજના હેઠળ દૂધ આપવામાં આવે છે. જો કે તાપીમાં દૂધના પાઉચ ફેંકી દેવાયેલી હાલતમાં મળ્યા હતા.જો કે હવે અહેવાલ બાદ તંત્ર સફાળુ જાગ્યું છે અને તપાસ કરી રિપોર્ટ આપવા આદેશ કર્યો છે.

જિલ્લા પ્રાયોજના અધિકારીએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને આઈસીડીએસ અધિકારીને તપાસ કરી તાત્કાલિક રિપોર્ટ રજૂ કરવા આદેશ કર્યો છે.૧૦ માર્ચ ૨૦૨૩ના રોજ તાપીના વાલોડ તાલુકાના તીતવા ગામેથી મોંઢોળા નદીમાંથી દૂધ સંજીવની યોજના હેઠળના હજારોની સંખ્યામાં દૂધના પાઉચો મળી આવતા અનેક તર્કવિતર્ક સર્જાયા હતા. બનાવને લઈ વાલોડ આઈસીડીએસ વિભાગના અધિકારીએ તપાસ હાથ ધરતા પ્રાથમિક શાળામાં આપવામાં આવતા પાઉચ હોવાનું પ્રાથમિક તબક્કે બહાર આવ્યું હતુ. સમગ્ર મામલે વાલોડ મહિલા અને બાળ કલ્યાણ વિભાગના અધિકારીઓને જાણ કરાતા કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

# મુંબઈમાં ફિલ્મસિટીમાં આગ ભભુકીઃ પાંચ સેટ બળીને ખાખઃ સદ્ભાગ્યે જાનહાની નહીં

મુંબઈ,તા.૧૧

અત્રે ગોરેગાંવ ખાતે આવેલા ફિલ્મસીટી સ્ટુડીયોમાં ગઈકાલે શુક્રવારે સાંજે ૪.૩૦ વાગ્યા દરમ્યાન ટીવી સિરીયલ ગુમ હૈ કિસી કે પ્યાર મેંના સેટ પર આગ ભભુકી હતી. આગ લાગવા સમયે ભારે પવનના કારણે આ આગ બાજુમાં અન્ય ચાર સેટોમાં ફેલાઈ હતી. ફાયર બ્રિગેડે ઘટના સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો. આ આગમાં સેટ બળીને ખાખ થઈ ગયા હતા. જો કે, સદભાગ્યે કોઈ જાનહાની કે ઈજાના અહેવાલો નથી.આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ જયારે બાળકોના સીનનું શુટીંગ ચાલતું હતું ત્યારે આગ લાગી હતી. આગ લાગી ત્યારે સેટ પર હાજર એકટર્સ, મેમ્બર્સને સલામત બહાર કાઢવામાં આવ્યા હતા.આગની જાણ થતા ફાયર બ્રિગેડના સ્ટાફે ઘટના સ્થળે પહોંચ્યા હતા. અને આગને કાબુમાં લીધી હતી. ફાયર ઓફિસર સંજય માંજરેકરે જણાવ્યું હતું કે, આગથી બધા લોકોને બચાવાયા હતા. તેમ છતા અમે એ પ્રયાસો ચાલુ રાખ્યા હતા કે જો અંદર કોઈ ફસાય ગયું હોય તો તેને બહાર કાઢી શકાય. પવનના કારણે આગ ફેલાતા સ્ટુડીયોમાં અન્ય સેટસ પણ ઝપટમાં આવતા ખાખ થઈ ગયા હતા. આ સેટસ પર- તેરી મેરી દુરીયા, અજૂની, ટીવી સિરીયલનું શુટીંગ ચાલતું હતું.આ આગના બનાવના મામલે ઓલ ઈન્ડિયા સિને વર્કસ એસોસીએશનના પ્રમુખ સુરેશ શ્યામલ ગુપ્તાએ આક્ષેપ કર્યો હતો કે, સ્ટુડીયોમાં ફાયર સેફટીના કોઈ સાધનોની સુવિધા નહોતી. તેમણે સિરીયલના પ્રોડયુસર અને ચેનલ અને પ્રોડકશન હાઉસ સામે એફઆઈઆર કરવાની માંગ કરી હતી.ફિલ્મસીટી સ્ટુડીયોના મેનેજીંગ ડાયરેકટર અવિનાશ ધકનેના રાજીનામાની માંગ કરી હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે, ફિલ્મસીટી મોટા પ્રમાણમાં શુટીંગ થાય છે.

# આપના નેતાઓની ધરપકડોના વિરોધમાં આપ ૧૩ માર્ચથી ડોર ટુ ડોર કેમ્પેઈન શરુ કરશે

નવીદિલ્હી,તા.૧૧

આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ ૧૩ માર્ચથી દિલ્લીના તમામ વોર્ડમાં ભાજપ વિરુદ્ધ ડોર ટુ ડોર પ્રચાર શરૂ કરવા જઈ રહ્યા છે. જે અંગે ગોપાલ રાયે કહ્યુ કે ભારતીય જનતા પાર્ટીને બેનકાબ કરવા માટે આમ આદમી પાર્ટીએ ડોર ટુ ડોર પ્રચારની તૈયારીઓ તેજ કરી દીધી છે. દિલ્લીના ૨૫૦ વોર્ડના પ્રતિનિધિઓને પાર્ટી હેડક્વાર્ટર ખાતે સંગઠનના પદાધિકારીઓ દ્વારા તાલીમ આપવામાં આવી હતી. આપ ભાજપની મોદી સરકાર દ્વારા કેન્દ્રીય એજન્સીઓના દુરુપયોગનો સંદેશ દરેક વ્યક્તિ સુધી પહોંચાડશે.

આમ આદમી પાર્ટીના દિલ્લી સ્ટેટ કન્વીનર અને મંત્રી ગોપાલ રાયે કહ્યુ કે દિલ્લીમાં મનીષ સિસોદિયા અને સત્યેન્દ્ર જૈનની ધરપકડ સામે આમ આદમી પાર્ટી દ્વારા મેગા ડોર-ટુ-ડોર અભિયાન ચલાવવામાં આવશે.

દરેક વોર્ડમાં ડોર ટુ ડોર પ્રચાર માટે ટીમો બનાવવામાં આવશે. આ તમામ ટીમો ૧૩ માર્ચથી દિલ્લીના તમામ વોર્ડમાં ડોર ટુ ડોર પ્રચાર શરૂ કરશે.

ડોર ટુ ડોર પ્રચારની સાથે મહોલ્લા મીટીંગનુ આયોજન કરવામાં આવશે, જેમાં મનીષ સિસોદિયા અને સત્યેન્દ્ર જૈનની સમગ્ર ધરપકડનુ સત્ય લોકો સમક્ષ મુકવામાં આવશે. આ ઉપરાંત ડોર ટુ ડોર કેમ્પેઈનમાં લોકો પાસે વડાપ્રધાનના નામ એક પત્રમાં સહી કરાવવામાં આવશે જેથી લોકો પોતાનો આક્રોશ વ્યક્ત કરી શકે. ગોપાલ રાયે કહ્યુ કે તાનાશાહી વલણ અપનાવતા વડાપ્રધાને દેશના શ્રેષ્ઠ મંત્રીઓ મનીષ સિસોદિયા અને સત્યેન્દ્ર જૈનની ધરપકડ કરીને જેલમાં પૂર્યા છે.

મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે તમામ ધારાસભ્યો અને કાઉન્સિલરો સાથે બેઠક કરીને આ પાછળની સાચી હકીકત લોકો સુધી પહોંચાડી હતી.

બેઠકમાં નિર્ણય લેવાયો હતો કે ભાજપના દરેક ષડયંત્રાનો જડબાતોડ જવાબ આપવામાં આવશે. ડોર ટુ ડોર અભિયાન દ્વારા મોદી સરકાર દ્વારા કેન્દ્રીય એજન્સીઓના દુરુપયોગનો સંદેશ દિલ્લી અને સમગ્ર દેશમાં દરેક વ્યક્તિ સુધી પહોંચાડવામાં આવશે.

NEWS OF GANDHINAGAR_P-2

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




NOG SS N0 :089
વિષય : બહુરંગી
શીર્ષક : અવનવી
—————-

માનવ સ્વભાવ છે તેને નિત્ય નવલું ગમે છે. એમાં પણ વૈવિધ્યતા તેને ખૂબ પ્રિય છે.

આ દુનિયા દાધારંગી છે. એમાં વસતો માનવ બહુરંગી છે. તેની જીંદગી અનેક ખંડમાં જીવે છે. દરેકના રંગ અને પાસા અવનવા છે.

સ્થળ અને સંજોગ પ્રમાણે તે મુખ પર મહોરા પહેરે છે. ઘડીમાં હસે તો બીજી પળે રડે. ક્યારેક નાચતો હોય તો ક્યારેક લમણે હાથ મૂકી ખુણામાં બેઠેલો જણાય.

કળી ન શકાય આ માનવ શું શોધે છે?

એને શું પામવું છે.

આ બહુરંગી દુનિયામાં જીવવું એ એક કળા છે. જો જીતી વોહી સિકંદર . જીવવા માટે સદા પ્રયત્નશીલ રહેવું આવશ્યક છે. સજાગ રહેવું અને નવું શિખવા માટે ઉત્સુકતા જાળવવી.

કદી કોઈની કિંમત ઓછી ન આંકવી.

સર્જનહારે સહુમાં કોઈ ને કોઈ નવીનતા ભરી છે.

હૈયાનાં કોતરી રાખજો,'' મારા જેવું કોઈ નથી એ વાક્ય ૧૦૦ ટકા સત્ય છે. તેણે તમારા જેવો બીજો નંગ બનાવ્યો નથી .''

રંગબેરંગી દુનિયામાં અવનવા અનુભવ માણો. તેના દ્વારા પ્રાપ્ત થતો સંદેશો શાંત મને દિલમાં ઉતારો.

એક જીંદગી જીવવાની છે. તેને વ્યર્થ ન જવા દેવાય .

જિંદગીમાં મેઘધનુના સાત રંગ ભરવા આપણે સહુએ પ્રયાસ કરવો રહ્યો. દુનિયા શું કહેશે તેને મહત્વ ન આપવું.

આ જીવન ટૂંકું યા ૯૦ વર્ષનું છે , તેની આપણને
રંગબેરંગી અવનવી છે
અટપટી આ જીંદગી
અનુભવની એરણ ઉપર
ટાપટીપ કરે આ જીંદગી
પ્રવિણા કડકિયા.હ્યુસ્ટન

-----------------------------------------------------

N.O.G. S. S. No. 0102
નામઃ- રતીલાલ વાયડા
વિષયઃ- બહુરંગી
પ્રકારઃ-ગદ્ય લેખ
વિષયઃ-ભગો બહુરંગી
રચનાઃ

અમારા ગામમાં એક ભગો પટેલ રહેતો હતો.

ઉંમર ૪૦ વર્ષની .મા, બાપ, સગા, સંબંધી કોઈ ન હતા. પોતાના જુના ઘરમાં એકલો રહેતોહતો.

લોકો ભગાને બહુરંગી તરીકે ઓળખતા હતા.

તે બીજાની સારી નકલ કરી શકતો હતો. ગીત અને ભજન ગાઈ શકતો હતો અને આમ નાનું મોટું કામ મળે તેના ઉપર પોતાનો ગુજારો ચાલતો હતો. અત્યાર સુધી લગ્ન પણ થયા ન હતા. પણ સાથે અકલની થોડી તાણ હતી. બીજાનું પોતે જલ્દી માની લેતો અને એ પ્રમાણે નકલ કરવા જતા મુંઝવણ માં મુકાઈ જતો હતો.

તેને લગ્ન કરવાની ખૂબ ઈચ્છા થઈ.તેના મિત્રોએ તેને ચડાવ્યો કે ગામમાં લગ્ન છે અને તું જુદા જુદા વેશ કાઢી અને સારી નકલ કરી શકે છે. માટે વરરાજાની જગ્યાએ તું આવી જા અને જો તને કન્યાં હાર પહેરાવી દે તો તારા લગ્ન થઈ જાય. ભગાએ પણ આ વાત માની લીધી અને વરરાજાના વેશમાં મંડપમાં હાજર થઈ ગયો . બીજી બાજુથી તેના મિત્રોએ વરરાજાને એક ઓરડીમાં પૂરી મૂક્યો પણ

વરરાજાના તેના બીજા મિત્રોએ તેને શોધી અને મંડપમાં લાવ્યા. જ્યાં હાર પહેરાવવાનો સમય આવ્યો ત્યારે મિત્ર વરારજા સાથે હાજર થયો અને ભગાને ખૂબ માંર મારી અને ત્યાંથી કાઢી મુક્યો. આમ ભગાની ભારે ફજેતી થઈ

ભગાને ત્યાં ઘરમાં રાંધવા વાળું કોઈ હતું નહીં પોતાની રસોઈ જાતે બનાવતો પરંતુ ગામના દયાળુ માણસો ક્યારેક તેને પોતાના ઘરે જમવાનું નિમંત્ર આપતા હતા. ભગો ખુશીથી જમવા જતો હતો એટલું જ નહીં પણ જેને ત્યાં જમવા જાય ત્યાં દસ પંદર લાડવા અને સારું એવું જમી જતો .તેથી લોકોને ધીરે ધીરે ભગા તરફ અભાવ થવા લાગ્યો અને હવે તેઓએ નોતરા દેવાનું બંધ કરી દીધું.

એક વખતે તેણે પોલીસનો વેસ કાઢી અને આવતા જતા વાહનો પાસેથી પૈસા ઉઘરાવવાનું ચાલુ કરી દીધું. પોલીસને ખબર પડતાં ભગાને ખૂબ મારી અને જેલમાં પૂરી મૂક્યા.

ભગાને કોઈએ કહ્યુકે દારૂના ધંધામાં સારી કમાણી છે એટલે તેણે દારૂની કોથળી વેચવાની ચાલુ કરી .શરૂઆતમાં તો છુપી રીતે વેચીને સારું કમાવવા લાગે પરંતુ ધીરે ધીરે પોલીસને ખબર પડી જતા તેને પોલીસ સ્ટેશન ભેગો કરી દીધો.

આજે પણ ભગો સમજ્યા વિનાના આવા હાસ્યસ્પદ કામ કરે છે અને ગામમાં બદનામ થઈ અને ફરે છે. આમ બહુરંગી ભગો ગામમાં પ્રખ્યાત થઈ ગયો છે.

લેખક :- રતીલાલ વાયડા
નવી મુંબઈ.૧૧/૪/૨૦૨૩. શનિવાર

-----------------------------------------------------

NOG NO.S.S. 0059.
વિષયઃ-શબ્દ- બહુરંગી
પ્રકારઃપદ્ય હાઈકુ ૧૨,શબ્દો ૮૧.
શીર્ષકઃ છે જમાનો બેરંગી નો
શ્ર?જયકાન્ત ઘેલાણી પ્યારે.

રંગ બદલે,
કહેવત કાંચિડો ?
અંહી માણસ!
ને સમજવા
માણસો છે મુશ્કેલ !
જે,બહુરંગી ?
આ દુનિયામાં
પરખવૂ અઘરું
જે બહુરંગી !
બહુંરંગી હું
તમે આપણે સહુ !
જાણે સમય ?
છે કરામત
હો રંગની, અનેરી ?
જાણે માનવી !
સૂખ દુઃખની
થાય તમને જાણ !
મળે બેરંગી.
સાચી ઓળખ
થાયછે માનવીની
બદલે રંગ !
પહેચાન છે,
અઘરી માનવની ?
પલટે રંગ !
જૂઓ વિશ્ર્વમાં
જાણો રંગ ઓળખ ?
જાણ બેરંગી !
હોય તમને
જાણ નવરંગની !
જાણો બે રંગી ?
હોય ભલે તે
જાણકાર રંગનો,
જાણે, બેરંગી ?
વિશ્ર્વમા આજે
ગણાય અલબેલો !
પ્યારે',બેરંગી !
શ્ર જયકાન્ત ઘેલાણી પ્યારે.

# એક વર્ષમાં ગીરમાં કુલ ૧૦૦ સિંહના મૃત્યુ થયા હતા. ૨૦૨૨-૨૩માં ૨૦ નર, ૨૧ માદા અને ૫૯ બચ્ચાઓનું મૃત્યુ

ગાંધીનગર,તા.૧૧

હાલમાં જ ગુજરાતના રાજ્યના વન ખાતાના પ્રધાન દ્વારા ગુજરાત વિધાનસભમાં આપવામાં આવેલી માહિતી અનુસાર એક વર્ષમાં ગીરમાં કુલ ૧૦૦ સિંહના મૃત્યુ થયા હતા. ૨૦૨૨-૨૩માં ૨૦ નર, ૨૧ માદા અને ૫૯ બચ્ચાઓનું મૃત્યુ થયું હતું. છે. આ ૧૦૦માંથી ૮૯ સિંહો કુદરતી રીતે અને ૧૧ અકુદરતી રીતે મૃત્યુ પામ્યા હોવાની માહિતી મળી રહી છે. આ આંકડા ૧ એપ્રિલ, ૨૦૨૨ થી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૩ સુધીના છે. વર્ષ ૨૦૨૦ની વસ્તી ગણતરી મુજબ ગીરમાં કુલ ૬૭૪ સિંહો છે અને એટલે જ એક વર્ષમાં ૧૦૦ સિંહોનું મૃત્યુ એટલે આ પ્રમાણ કુલ વસતીના ૧૫ ટકા જેટલું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે દર પાંચ વર્ષે સિંહની વસતી ગણતરી કરવામાં આવે છે. ૨૦૨૦માં આ વસતી ગણતરી કરવામાં આવી હતી અને હવે ૨૦૨૫માં સિંહોની વસતી ગણતરી કરવામાં આવશે. રાજ્ય સરકારના જણાવ્યા અનુસાર છેલ્લાં ૨ વર્ષની સરખામણીમાં સિંહોના મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. આંકડાઓ પર નજર નાખીએ તો વર્ષ ૨૦૨૦-૨૧માં કુલ ૧૩૭ સિંહોનું મૃત્યુ થયું હતું. જેમાં ૧૪ સિંહના મૃત્યુ અકુદરતી હતા. જ્યારે વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૧૨૯ સિંહોના મોત થયા હતા, તેમાંથી ૧૬ સિંહના અકુદરતી મૃત્યુ થયા હતા. એટલે કે છેલ્લાં ત્રણ વર્ષમાં સરકારના જણાવ્યા પ્રમાણે એપ્રિલ ૨૦૨૦થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૩ સુધીમાં ૩૬૬ સિંહોના મોત થયા છે.

આ અગાઉ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ વન મંત્રીએ ગુજરાત વિધાનસભામાં સિંહોના મૃત્યુ અંગેનો અહેવાલ રજૂ કર્યો હતો. જેમાં તેમણે જણાવ્યું હતું કે ગીર અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાન છેલ્લાં બે વર્ષમાં ૨૪૦ સિંહોને ગુમાવ્યા છે. આ પ્રમાણ ગીરની સિંહની વસ્તીના ૩૬ ટકા જેટલો છે. રાજ્ય સરકારે વિધાનસભામાં એવું પણ જણાવ્યું હતું કે ગીર અભ્યારણ અને આસપાસના વિસ્તારોમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૨ સુધીના બે વર્ષમાં ૧૨૮ બચ્ચા સહિત ૨૪૦ સિંહોના કુદરતી અને અકુદરતી કારણોસર મૃત્યુ થયા છે.

સિંહોના અકુદરતી રીતે થતાં મૃત્યુના કારણની વાત કરીએ તો ખુલ્લા કૂવામાં પડવું, વાહનો કે ટ્રેનની અડફેટે આવવું વગેરે છે. વર્ષ ૨૦૧૮માં ગીરના જંગલોમાં એશિયાટિક સિંહોના મૃત્યુ કેનાઇન ડિસ્ટેમ્પર વાયરસ (ઝઙ્ક)ને કારણે પણ થયા હતા. આ વાયરસ કૂતરામાંથી અન્ય જંગલી પ્રાણીઓમાં ફેલાય છે અને તે અત્યંત જીવલેણ છે. સીડીવીએ ૧૯૯૪માં તાન્ઝાનિયામાં સેરેનગેતી અભયારણ્યમાં લગભગ ૧૦૦૦ સિંહોના જીવ ગયા હતા.

ભારતમાં માત્ર સિંહોનું મૃત્યુ જ નહીં પરંતુ વાઘના પણ મૃત્યુ ચિંતાનો વિષય છે. માત્ર વર્ષ ૨૦૨૩ના પ્રથમ મહિનામાં (૧ જાન્યુઆરીથી ૮ ફેબ્રુઆરી) ૨૪ વાઘના મોત થયા છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાએ નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (દ્ગ્ઝછ)ને ટાંકીને લખ્યું છે કે ગયા વર્ષના સમાન સમયગાળામાં ૧૬ વાઘના મોત થયા હતા, જ્યારે ૨૦૨૧માં આ જ સમયગાળામાં ૨૦ વાઘના મોત થયા હતા. આ વર્ષે સૌથી વધુ મૃત્યુ મધ્ય પ્રદેશ (૯), ત્યારબાદ મહારાષ્ટ્ર (૬), રાજસ્થાન (૩), કર્ણાટક (૨), ઉત્તરાખંડ (૨) અને આસામ અને કેરળમાંથી એક-એક કેસ નોંધાયા છે.

# કુંવારી દીકરીઓને મોબાઈલ ન આપવાના હિમાયતી ગેનીબેન ઠાકોર

ગાંધીનગર,તા.૧૧

ઠાકોર સમાજે ખુદ ઘડેલા સમાજના બંધારણ મુજબ કુંવારી દીકરીઓને મોબાઈલ ન આપવો જોઈએ. આ બંધારણનું સમર્થન ગેનીબેન ઠાકોર પણ કરે છે અને તેની પાછળનું કારણ તેઓ જણાવે છે કે મોબાઈલના કારણે સમાજમાં મોટી બદીઓ આવી છે. તો બીજી તરફ મહિલાઓને સ્વરક્ષા માટે હથિયાર આપવાનો મુદ્દો તેમણે વિધાનસભા ગૃહમાં ઉઠાવ્યો અને હથિયારની મંજૂરી અંગે સવાલ કર્યો હતો.વિધાનસભામાં ચાલી રહેલા બજેટસત્રમાં કોંગ્રેસના ધારાસભ્ય ગેનીબેન ઠાકોર ફરી મહિલાઓને હથિયાર આપવાની મંજૂરીનો મુદ્દો ઉઠાવ્યો. ગેનીબેન ઠાકોરે સરકારને સવાલ કર્યો કે મહિલાઓને સુરક્ષા આપવા માટે હથિયારની મંજૂરી આપવા માટે સરકારે શું નિર્ણય કર્યો. જો કે ગેનીબેન ઠાકોરના સવાલ પર ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ તેનો પ્રત્યુત્તર આપ્યો. હર્ષ સંઘવીએ જણાવ્યુ કે મહિલાઓ વિરુદ્ધના ગુનામાં તાત્કાલિક ન્યાય મળે છે. મહિલાઓ પર અત્યાચાર થશે તો આરોપીઓને કડક સજા થશે.અગાઉ પણ વિધાનસભાના સત્ર દરમિયાન ગેનીબેન ઠાકોરે દીકરીઓને આત્મરક્ષણ માટે સ્વનિર્ભર બને તેવા આશયથી મહિલાઓને બંદુકનું લાયસન્સ આપવાની માગ કરી હતી. તેમણે જણાવ્યુ હતુ કે હાલની સ્થિતિને જોતા કરાટે પૂરતા નથી. જે વિસ્તારમાં બુટલેગરો, અસામાજિક તત્વોને કારણે મહિલાઓ સામે અત્યાચાર થઈ રહ્યા છે પરંતુ પોલીસ કોઈ કાર્યવાહી કરતી નથી.આથી આવા લોકોનુ મનોબળ વધે છે. આવી ઘટનાઓમાંથી ૯૦ ટકા ફરિયાદ પોલીસ સ્ટેશન સુધી પહોંચતી નથી. માત્ર ૧૦ ટકા મહિલાઓ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરે છે. ઉપરાંત ભોગ બનેલી મહિલાઓને સવાલ કરવામાં આવે તો પોતાની સાથે બનેલી ઘટનાનું વર્ણન કરી શક્તી નથી, આવી સ્થિતિમાં મહિલાઓ પાસે લાયસન્સવાળુ હથિયાર હોય તો અસામાજિક તત્વોને પણ ડર રહે છે. તેમ ગેનીબેને જણાવ્યુ હતુ.આપને જણાવી દઈએ કે એકતરફ ગેનીબેન કુંવારી દીકરીઓને મોબાઈલ ન આપવાની વાતની તરફેણ કરે છે. જ્યારે બીજી તરફ તેઓ સ્વરક્ષા માટે મહિલાઓને હથિયાર રાખવાની મંજૂરી આપવાની પણ વાત કરે છે. ઉલ્લેખની છે કે ઠાકોર સમાજે ઘડેલા તેમના સમાજના બંધારણ મુજબ કુંવારી દીકરીઓને મોબાઈલ આપવો ન જોઈએ અને તેનુ સમર્થન ધારાસભ્ય ગેનીબેન ઠાકોર પણ કરે છે. ગેનીબેને દીકરીઓને મોબાઈલ ન આપવા અંગે જણાવ્યુ કે મોબાઈલ વપરાશના કારણે સમાજમાં મોટી બદીઓ આવી છે. જેથી સમાજ-સુધારણા માટે માતા-પિતાએ તેમની કુંવારી દીકરીઓ પર મોબાઈલ પ્રતિબંધનું પાલનુ કરાવવુ જોઈએ.

# વિધાનસભા ગૃહમાં BBC સામે કડક પગલાં લેવા બિન-સરકારી સંકલ્પ વિરોધ વગર પસાર

ગાંધીનગર,તા.૧૧

ગુજરાતમાં ૨૦૦૨માં થયેલા ગોધરા રમખાણો પર BBCએ એક ડોક્યુમેન્ટરી તૈયાર કરી છે. આ ડોક્યુમેન્ટરી બે તબક્કામાં તૈયાર કરવામાં આવી હતી. આ ડોક્યુમેન્ટરીની સામે વિધાનસભા ગૃહમાં ગઈકાલે મ્મ્ઝ સામે કડક પગલાં લેવા બિન-સરકારી સંકલ્પ રજૂ કરવામાં આવ્યો હતો જે કોઈપણ વિરોધ વગર જ પસાર થયો હતો.

રાજ્યની વિધાનસભા ગૃહમાં બીબીસી ડોક્યુમેન્ટ્રીનો મુદ્દો ઉઠ્યો હતો. રાજ્યમાં ૨૦૦૨માં થયેલા રમખાણો પરની ડોક્યુમેન્ટરીથી પીએમ મોદીની છબી અને લોકપ્રિયતાને બગાડવા બદલ મ્મ્ઝ સામે કડક પગલાં લેવા કેન્દ્રને વિનંતી કરવામાં આવી હતી. ભાજપના ધારાસભ્ય વિપુલ પટેલે વિધાનસભા ગૃહમાં મ્મ્ઝ સામે બિનસરકારી સંકલ્પ રજૂ કર્યો હતો. પટેલના પ્રસ્તાવને ભાજપના ધારાસભ્યો મનીષા વકીલ, અમિત ઠાકર, ધવલસિંહ ઝાલા અને મંત્રી હર્ષ સંઘવીએ ટેકો આપ્યો હતો. કોંગ્રેસના ધારાસભ્યોએ વિધાનસભા ગૃહમાંથી વોક આઉટ કર્યુ હતું. કોંગ્રેસના ધારાસભ્યોની ગૃહમાં ગેરહાજરી વચ્ચે આ સંકલ્પ રજૂ કરાયો હતો. આ બિન સરકારી સંકલ્પ કોઈપણ જાતના વિરોધ વગર જ ગૃહમાં હાજર તમામ સભ્યોના મતથી પસાર થયો હતો. આ સંકલ્પ પત્ર દરમિયાન રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિત તમામ ધારાસભ્યો હાજર રહ્યા હતા.સર્વસંમતિથી સંકલ્પ પસાર કર્યા બાદ સ્પીકર શંકર ચૌધરીએ કહ્યું કે મ્મ્ઝનો પ્રયાસ નિંદનીય છે. તેમણે કહ્યું કે ભારત એક લોકશાહી દેશ છે અને અભિવ્યક્તિની સ્વતંત્રતા તેના બંધારણના મૂળમાં છે પરંતુ તેનો અર્થ એ નથી કે મીડિયા હાઉસ આવી સ્વતંત્રતાનો દુરુપયોગ કરે. વિધાનસભા ગૃહમાં નિવેદન આપતા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે વિપુલ પટેલ જે સંકલ્પ રજૂ કર્યુ છે તેમને હું એક સાચા મુદ્દાઓ સાથે સભાગૃહમાં અમુક હકીકતો રજૂ કરીશ.

### ચીનમાં નરેન્દ્ર મોદી લોકપ્રિય છે
# ચીને પાકિસ્તાનની જગ્યાએ ભારત સાથે પોતાના સંબંધ મજબૂત કરવા જોઈએ.
## મોદીના નેતૃત્વમાં ભારત દુનિયાના પ્રમુખ દેશો વચ્ચે સંતુલન જાળવી શકે છે. પછી ભલે તે રશિયા હોય, અમેરિકા

નવીદિલ્હી,તા.૧૧

ભારત અને ચીન વચ્ચેના સંબંધો કઈ આજકાલના નથી. ઉતાર ચડાવવાળા આ સંબંધોમાં લાંબા સમયથી તણાવ પણ જોવા મળી રહ્યો છે. ચીનના લોકોને ભારત અને અમેરિકાની મિત્રતા પણ જાણે ગમતી નથી. તેમનું માનવું છે કે ભારત અને ચીન સાથે મળીને કામ કરી શકે છે. ચીનના પત્રકાર માને છે કે ચીને પાકિસ્તાનની જગ્યાએ ભારત સાથે પોતાના સંબંધ મજબૂત કરવા જોઈએ.

ભારત અને ચીન વચ્ચેના સંબંધો કઈ આજકાલના નથી. ઉતાર ચડાવવાળા આ સંબંધોમાં લાંબા સમયથી તણાવ પણ જોવા મળી રહ્યો છે. ચીનના લોકોને ભારત અને અમેરિકાની મિત્રતા પણ જાણે ગમતી નથી. તેમનું માનવું છે કે ભારત અને ચીન સાથે મળીને કામ કરી શકે છે. ચીનના પત્રકાર માને છે કે ચીને પાકિસ્તાનની જગ્યાએ ભારત સાથે પોતાના સંબંધ મજબૂત કરવા જોઈએ કારણ કે ભારત સાથે વેપારની સંભાવના ઘણી વધુ છે. આ બધી વાતો ચીનના પત્રકાર મ્યૂ ચુનશાને ધ ડિપ્લોમેટ માટે પોતાના લેખમાં લખી છે. ચીની સોશિયલ મીડિયા પર આધારિત તેમનો લેખ જણાવે છે કે ચીનની સામાન્ય જનતા ભારત માટે શું વિચારે છે અને સોશિયલ મીડિયા પર પોતાના પાડોશી દેશ વિશે શું વાતો કરે છે.

પોતાના આ લેખમાં તેમણે ભારતના પ્રધાનમંત્રી પીએમ મોદીનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે લખ્યું કે 'ભારતીય પીએમ નરેન્દ્ર મોદીનું ચીની ઈન્ટરનેટ પર એક નિકનેમ છે. મોદી લાઓશિઆનલાઓશિઆનનો ઉપયોગ કેટલીક અનોખી ક્ષમતાઓવાળા 'વડીલ અમર' વ્યક્તિ માટે થાય છે. આ નિકનેમનો અર્થ એ છે કે ચીનના સોશિયલ મીડિયા યૂઝર્સ એવું વિચારે છે કે પીએમ મોદી અન્ય નેતાઓની સરખામણીમાં અલગ અને અદભૂત છે. તેઓ તેમના પહેરવેશ અને શારીરિક બનાવટ, બંનેની તરફ ઈશારો કરે છે. તેમની કેટલીક નીતિઓ ભારતની પાછલી નીતિઓ કરતા અલગ છે.' અત્રે જણાવવાનું કે ચીનમાં લાઓશિયાન શબ્દનો ઉપયોગ એવી વ્યક્તિ માટે થાય છે જે અમર હોય અને જેની પાસે સ્પેશિયલ પાવર હોય.

તેમણે લખ્યું છે કે 'વિશેષ રીતે, પીએમ મોદીના નેતૃત્વમાં ભારત દુનિયાના પ્રમુખ દેશો વચ્ચે સંતુલન જાળવી શકે છે. પછી ભલે તે રશિયા હોય, અમેરિકા હોય કે ગ્લોબલ સાઉથના દેશો, ભારત તે બધા સાથે મૈત્રીપૂર્ણ સંબંધ રાખી શકે છે. જે કેટલાક ચીની સોશિયલ મીડિયા યૂઝર્સ માટે ખુબ પ્રશંસનીય છે. આથી 'લાઓશિઆન' શબ્દ પીએમ મોદી પ્રત્યે ચીની લોકોની જટિલ ભાવનાને દર્શાવે છે. જેમાં જિજ્ઞાસા અને આશ્ચર્ય પણ સામેલ છે.'ચુનશાન લખે છે કે હું લગભઘ ૨૦ વર્ષથી આંતરરાષ્ટ્રીય મીડિયા રિપોર્ટિંગ કરી રહ્યો છું અને ચીની સોશિયલ મીડિયા યૂઝર્સ માટે કોઈ વિદેશી નેતાને નિકનેમ આપવું દુર્લભ છે. મોદીનું નિકનેમ અન્ય તમામ કરતા ઉપર છે. સ્પષ્ટ રીતે તેમણે ચીની જનતાના મતને પ્રભાવિત કર્યો છે. ચીની પત્રકારે પોતાના લેખમાં લખ્યું કે ભારત સાથે મુકાબલો કરવા માટે પાકિસ્તાનનો ઉપયોગ કરવાનો વિચાર વધુ કાલ્પનિક બની રહ્યો છે. કારણ કે પાકિસ્તાન અને ભારત વચ્ચેની ખાઈ સતત પહોળી થઈ રહી છે.

# મનીષ સિસોદિયાને જેલમાં વીવીઆઈપી ટ્રીટમેન્ટ મળી રહી છે..' સુકેશનો એલજીને બીજો પત્ર

નવીદિલ્હી,તા.૧૧

છેતરપિંડીના કેસમાં જેલમાં બંધ સુકેશ ચંદ્રશેખરે દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાને પત્ર લખીને કહ્યું છે કે આમ આદમી પાર્ટીના નેતા અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાને ખતરનાક ગુનેગારો સાથે જેલમાં રાખવાના ખોટા સમાચાર ફેલાવવામાં આવી રહ્યા છે.સુકેશ ચંદ્રશેખરે દાવો કર્યો હતો કે મનીષ સિસોદિયાને જેલમાં પણ વીવીઆઈપી ટ્રીટમેન્ટ આપવામાં આવી હતી. સુકેશે પત્રમાં લખ્યું છે કે, મનીષ સિસોદિયાને જેલ નંબર વનના વોર્ડ નંબર-૯માં VVIP ટ્રીટમેન્ટ આપવામાં આવી રહી છે. હું ન્ પાસે આમાં હસ્તક્ષેપ કરવાની માંગ કરું છું.ઈઢએ ગુરુવારે તિહાર જેલમાંથી મનીષ સિસોદિયાની ધરપકડ કરી હતી. ઈડીએ શુક્રવારે મનીષ સિસોદિયાને સ્પેશિયલ કોર્ટમાં રજૂ કર્યો છે, જ્યાંથી તેને ૧૭ માર્ચ સુધી ઈઢ કસ્ટડીમાં મોકલવામાં આવ્યો. ઈઢએ કોર્ટને જણાવ્યું હતું કે મનીષ સિસોદિયાએ અન્ય લોકો સાથે મળીને લાંચ આપવા અને ૨૯૦ કરોડ રૂપિયાથી વધુના અપરાધ માટે ખામીયુક્ત આબકારી નીતિ ઘડવાનું કાવતરું ઘડ્યું હતું.

ઈડીએ મનીષ સિસોદિયાની કસ્ટડીની માંગણી કરતી તેની અરજીમાં જણાવ્યું હતું કે ગુનાની આવકમાં ઓછામાં ઓછા રૂ. ૨૯૨.૮ કરોડની કમાણી કરવા માટે આ ગુનો રચાયો હતો .



કાંદિવલીમાં મહિલાઓના આરોગ્ય અંગે પ્રવચન યોજાયું

કાંદિવલી વેસ્ટમાં શાંતિલાલ મોદી રોડ સ્થિત કાંદિવલી રિક્રિયેશન ક્લબ (કે આર સી)ની એન્ટરટેન્મેન્ટ કમિટીની લેડિઝ વિંગ (મહિલા પાંખ) દ્વારા મહિલા દિનને ધ્યાનમાં રાખીને સ્ત્રી રોગ તબીબ ડૉ. રન્ના દોશીનું મહિલાઓના આરોગ્ય અંગે પ્રવચન યોજાયું હતું. દીપ્તિ ભાવેશ મહેતાએ ડૉ. રન્ના દોશીનો પરિચય આપ્યો હતો. કે આર સી ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં લેડિઝ વિંગની મહિલાઓ મોટી સંખ્યામાં હાજર રહી હતી અને સ્ત્રીઓના રોગ, નિદાન, સારવાર અંગે માહિતી મેળવી હતી. મયૂરી નીતિન ગાંધી એ આભાર વિધિ કરી હતી.

# નિસર્ગ સાયન્સ સેન્ટર નવા સત્ર થી ચિલ્ડ્રન સાયન્ટીસ્ટ કોર્સ શરૂ કરશે

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા વિદ્યાર્થીઓમાં સંશોધન વૃત્તિ ખીલે તથા વૈજ્ઞાનિક અભિગમ વિકસે તેવા કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા બાળકોમાટે વિજ્ઞાનના પ્રયોગો ,પ્રોજેક્ટ,વિવિધ પ્રવૃતિ અને આનુસંગિક કાર્યક્રમો થાય છે.

નવા સત્ર થી નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા જુનિયર (ધોરણ ૫ થી ૭)અને સિનિયર (ધોરણ ૮ થી ૧૦)ના વિદ્યાર્થીઓ માટે ચિલ્ડ્રન સાયન્ટિસ્ટ કોર્સ શરૂ કરવા જઈ રહ્યું છે. જેમાં વિદ્યાર્થીઓને તેમની કક્ષાને અનુરૂપ તેમના અભ્યાસક્રમમાં આવતા વૈજ્ઞાનિક સિદ્ધાંત તો આધારિત પ્રોજેક્ટ,મોડલ કે પ્રવૃત્તિ કરાવવામાં આવશે હાલ દર રવિવારે સાયન્સ ક્લબમાં બાળકો વિજ્ઞાન પ્રયોગો કરવા આવે છે પરંતુ હવેથી આ કાર્યક્રમમાં જોડાનાર બાળકોને આખું વર્ષ અનેક પ્રવૃત્તિ કરવા મળશે.

જેમાં દર રવિવારે તેમના વિજ્ઞાનમાં આવતા પ્રયોગો અને મહિનામાં એકવાર સાયન્સ પ્રોજેક્ટ, ઉનાળુ વેકેશનમાં ૧૫ દિવસનો સાયન્સ વર્કશોપ, જન્માષ્ટમી અને દિવાળી વેકેશનમાં ત્રણ દિવસનો વર્કશોપ આ શિવાય બાળ વિજ્ઞાન પરિષદમાં ભાગ લેવા માર્ગદર્શન, રૂરલ આઈટી અને સ્ટેમ્પ ક્વિઝ,નેશનલ સાયન્સ સેમીનાર ,વિજ્ઞાન મેળા તથા વિજ્ઞાનની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા તૈયારી કરાવવામાં આવશે.

સાયન્સ ક્લબમાં ૧૫૦ જેટલા રસ ધરાવતા વિદ્યાર્થીઓ જોડવાના હોવાથી વહેલા તે પહેલાના ધોરણે રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. વધુ વિગત માટે નિસર્ગ સાયન્સ સેન્ટર નો ૧૧ થી ૫ દરમિયાન રૂબરૂમાં કે ૯૪૨૬૬૩૫૨૧૫ નંબર પર ફોન કરી વિગત મેળવી શકાશે.

# નવી ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ હેઠળ મધ્યમ, નાના અને સૂક્ષ્મ ઉદ્યોગોને પ્રોત્સાહન આપતી વ્યાજ સહાયની યોજના

## અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૨૨ દરમિયાન ૧૧૦૬ એકમોની અરજી મંજૂર; રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ. ૧૨૫૦.૨૮ લાખની સહાય ચૂકવાઈ

રાજ્ય સરકાર દ્વારા ઉદ્યોગોને ઊર્જાવાન બનાવવા માટે વર્ષ ૨૦૨૦માં ગુજરાતની નવી ઉદ્યોગ નીતિ જાહેર કરવામાં આવી હતી. જેમાં રાજ્યના નવા ઉદ્યોગો માટે જમીન, સબસિડી તેમજ મધ્યમ, નાના અને સૂક્ષ્મ કદના ઉદ્યોગોને રાહત આપતી કેટલીક મહત્વપૂર્ણ જાહેરાતો કરવામાં આવી છે. આ યોજનાની જ એક મહત્વપૂર્ણ કડી છે - MSME એટલે કે મધ્યમ, નાના અને સૂક્ષ્મ કદના ઉદ્યોગો માટે વ્યાજ સહાયની યોજના. આ યોજનાના પરિણામે આજે રાજ્યમાં MSME એકમો સાથે રોજગારીની તકોમાં ખૂબ જ વધારો થયો છે.

MSME એકમોને વ્યાજ સહાયની યોજનાથી પ્રેરાઈને ગુજરાતના અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૨૨ દરમિયાન આ યોજનાનો લાભ મેળવવા માટે કુલ ૧૭૯૨ અરજીઓ મળી હોવાની વિગતો આજે વિધાનસભા ગૃહ ખાતે રજૂ કરવામાં આવી હતી. આ અરજીઓ પૈકી ૧૧૦૬ એકમની અરજીઓને મંજૂરી આપી રાજ્ય સરકાર દ્વારા વર્ષ દરમિયાન કુલ રૂ. ૧૨૫૦.૨૮ લાખની સહાય ચૂકવવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા નવી ઉદ્યોગ નીતિ – ૨૦૨૦ અંતર્ગત મધ્યમ, નાના અને સૂક્ષ્મ ઉદ્યોગો એટલે કે MSMEને પ્રોત્સાહન આપવા માટે ધિરાણના ૨૫ ટકા સુધીની કેપિટલ સબસિડી મળવાપાત્ર છે, જેની મહત્તમ મર્યાદા રૂ. ૩૫ લાખ નક્કી કરવામાં આવી છે. આ ઉપરાંત મધ્યમ, નાના અને સૂક્ષ્મ ઉદ્યોગોને વિદેશી ટેક્નોલૉજી મેળવવા માટે પ્રોત્સાહિત કરવા માટે આ નીતિમાં હેતુ માટે થયેલા કુલ ખર્ચના ૬૫ ટકા સુધીની સહાયની પણ જોગવાઈ કરવામાં આવેલી છે, જેની મહત્તમ મર્યાદા રૂ. ૫૦ લાખ નક્કી કરવામાં આવી છે.

# પાટણના ડો વિપુલ યાજ્ઞિક દ્વારા સફળ ઓપરેશન કરી મહિલાને નવજીવન બક્ષુ

આરોગ્યનગરી પાટણમાં અનેક હોસ્પિટલો આવેલા છે.જેમાં પાટણ શહેરના કિલ્લાચંદ શોપિંગ સેન્ટરમાં આવેલ નિષ્ઠા સર્જીકલ એન્ડ રિસર્ચ સેન્ટર હોસ્પિટલમાં ડો વિપુલ યાજ્ઞિક સર્જનક્ષેત્રે આગવું નામ ધરાવે છે.તેમના દ્વારા અનેક સફળ ઓપરેશન કરવામાં આવ્યા છે.અને અનેક લોકોના જીવ પણ બચાવ્યા છે.ત્યારે વધુ એક વાર ડો વિપુલ યાજ્ઞિક દ્વારા સફળ ઓપરેશન કરવામાં આવ્યું છે.ડો વિપુલ યાજ્ઞિકે જણાવ્યું હતું. કે પાટણ શહેરની સદભાવ હોસ્પિટલમાં ભાનુબેન નામનું એક દર્દી ઓતરડામાં અટકાવ અને કિડનીમાં સોજો તથા ફેફસામાં ચેપની



ફરિયાદ સાથે દાખલ કરવામાં આવ્યા હતું તપાસના અંતે જાણવા મળ્યું હતું કે દર્દીને પિતાશયની પથરી નળીમાં કાણું પાડી નળી તથા આતરડાનો રસ્તો એક થઈ ગયો હોવાનું જાણવા મળ્યું હતું (cholecystocholedochoduodenal fistula)પથરીએ આંતરડામાં અટકાવ કરેલ છે(Gallstone ileus ). સદભાવ હોસ્પિટલના ડોક્ટર ટીમ દ્વારા શરૂઆતની ગંભીર સ્થિતિ કન્ટ્રોલ કરી ઓપરેશન માટે નિષ્ઠા સર્જીકલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.જ્યાં દોઢ કલાકના ઓપરેશન બાદ ૧૩ જેટલી પથ્થરીઓ કાઢી આંતરડું રીપેર કર્યું હતું.સામાન્ય રીતે અંતરડામાં અટકાવના ૦.૫ ટકા કરતા પણ ઓછા કેસમાં પથરીના કારણે અટકાવ જોવા મળે છે.આવા કેસમાં મૃત્યુદર પણ ૨૫ ટકા હોવાનું ડો વિપુલ યાજ્ઞિકે જણાવ્યું હતું.આમ આ મહિલાને નવું જીવન બક્ષુ હતું.ડો વિપુલ યાજ્ઞિકે જણાવ્યું હતું કે પિત્તાશય ની પથરી નું નિદાન થાઈ તો ડૉક્ટરની સલાહ પ્રમાણે કાળજી રાખવી અને જો ડૉક્ટર ઓપેરશન ની સલાહ આપે તો સમયસર ઓપેરશન કરાવી લેવાનું જણાવ્યું હતું.જેથી ભવિષ્યમાં થતી ગંભીર તકલીફો થી બચી શકાય.ડો વિપુલ યાજ્ઞિક દ્વારા દર્દી ની ગંભીર પરિસ્થિતિ માં પ્રાથમિક સારવાર માટે સદભાવ હોસ્પિટલના ડોક્ટરની ટીમ ડો કમલ ગુપ્તા,ડો મયંક પટેલ,ડો રાજેશ ઓઝા,ડો અશ્વિન પટેલ તથા ડો મન્સૂર મોમીનનો આભાર માન્યો હતો.તેમણે વધુમાં જણાવ્યું હતું કે જો પ્રાથમિક તબક્કે યોગ્ય સારવાર ના મળી હોત તો દર્દીનું બચવું મુશ્કેલ હતું અને છેલ્લે દર્દીને આવી ગંભીર પરિસ્થિતિમાં અનેસથેસીઆમાં સફળતાપૂર્વક કામ કરવા બદલ ડો હના મુસાનો પણ આભાર વ્યક્ત કર્યો હતો.

રિપોર્ટ = ભરત.એલ.જોષી... પાટણ

# અંબાજી મંદિરમાં પ્રસાદનો નિર્ણય ન બદલાય તો ઉપવાસની ચીમકી.....

સુપ્રસિદ્ધ મંદિરમાં મોહનથાળ નો પ્રસાદ બંધ કરીને ચીકીનો પ્રસાદ આપવાનો ધર્મસ્થાનના સરકારી શાસક સંચાલકોએ જે નિર્ણય લીધો છે તે ની સામે બ્રહ્મ સમાજમાં આક્રોશ ફાટી નીકળ્યો છે. જ્યારે સમગ્ર ગુજરાતની અંદર થી માઈ ભક્તોનો રોષ ફાટી નીકળ્યો છે ત્યારે ખેડા જિલ્લા બ્રહ્મ સમાજના પ્રમુખ અંબાજી મંદિરમાં મોહનથાળ નો નિર્ણય લેવામાં જો નહીં આવે તો આમરણાંત ઉપવાસ ઉપર સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ ના પૂર્વ પ્રમુખ અને ખેડા જિલ્લા



બ્રહ્મ સમાજ ના પ્રમુખ સિનિયર ધારાશાસ્ત્રી શ્રી મહેશ મહેતા એ આમરણાંત ઉપવાસ ઉપર શક્તિપીઠ અંબાજી આરાસુરી ચોક

ખાતે ઉતરવાની તૈયારી બતાવી છે.શ્રી મહેતા એ કલેકટર શ્રી ને આવેદન પાત્ર આપી ને ઉપરોક્ત ચીમકી ઉચ્ચારી છે.મંદિર માં અચાનક સત્તાધીશો દ્વારા માઈભક્તો ની આસ્થા નું પ્રતિક એવો માં અંબા નો પ્રસાદ મોહનથાળ બંધ કરવામાં આવતા સમગ્ર બ્રહ્મ સમાજ રોષે ભરાયેલ છે .સરકાર જાણે જાણી જોઈને આ વિવાદ ઊભો કરતી હોય તેવું સ્પષ્ટ જણાઈ આવે છે. ગુજરાત ના પ્રબુદ્ધ નાગરિકો વિચારી રહ્યા છે કે આવું પગલું સરકાર શા માટે ભરીને વિવાદ ઊભો કરે છે .

# ઓસ્ટેલિયા- મેલબોર્નની ધરતી પર વડતાલ - સંસ્થા મંદિર નિર્માણ કરશે




સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વોચ્ચ તીર્થસ્થાન વડતાલધામ દ્વારા ઓસ્ટેલિયામાં નૂતન મંદિર નિર્માણકાર્ય હાથ ધરવામા આવ્યું છે. વડતાલગાદીના વર્તમાન પીઠાધિપતિ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ એવં વડિલ સંતોના આશીર્વાદ , મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ , સત્સંગ મહાસભા એવં સ્થાનિક ભક્તોના સહકારથી મેલબોર્નમાં મંદિર નિર્માણ થનાર છે. હાલમાં વડતાલ સંસ્થાના મુખ્ય કોઠારી ડો સંત સ્વામી વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવ ૨૦૨૪ના ઉપક્રમે ઓસ્ટેલિયાની સત્સંગ યાત્રાએ છે. મેલબોર્નમાં છેલ્લા ૧૦ વર્ષથી સત્સંગ મંડળ કાર્યરત છે. ભારતીય સંસ્કૃતિ , વ્યસનમુક્તિ અને ભક્તિમય જીવન માટે મંદિરની તાતી જરુરીયાત છે. ઓસ્ટેલિયાના મેલબોર્ન શહેરમાં ટારનેટ-શ્રેયસ રોડ પર ૧.૫ એકર જમીન સંપાદિત કરવામાં આવી છે. જેમાં વર્તમાન મકાનમાં ટેમ્પરરી સત્સંગ પ્રવૃત્તિ શરૂ કરવામાં આવશે. અને સમયજતા જરૂરી મંજુરીઓ મેળવીને વડતાલધામ મંદિરનું નિર્માણ કાર્ય કરવામાં આવશે.

સ્વામિનારાયણ સંપ્રદાય આજે દેશ વિદેશ સક્રિય બનીને કાર્ય કરી રહ્યો છે. ડો સંત સ્વામીએ જણાવ્યું હતું કે, આપણા ઈષ્ટદેવ ભગવાન સ્વામીનારાયણે સ્વયં છ મંદિરો બંધાવ્યા છે. આપણા શ્રેય માટે આજે પણ મંદિરો તાતી જરૂરી છે.મેલબોર્ન સત્સંગીઓની શ્રદ્ધા વિશ્વાસ અને ઉત્સાહ જોતા એવું લાગે છે કે, ટુંક સમયમાં અંહિ વડતાલ તાબાનું ભવ્ય મંદિર નિર્માણ પામશે . આપણે સહુએ એમાં તન મન ધનથી યથાશક્તિ સહયોગ આપવો . આ પ્રસંગે શાકોત્સવ - રંગોત્સવ અને સમૂહ મહાપૂજાનું પણ આયોજન કરવામાં આવ્યું છે , જેમાં મોટી સંખ્યામાં કાનમ- ચરોતર અને સૌરાષ્ટ્રના સત્સંગીઓ જોડાશે . પ્રમુખશ્રી સંજય પટેલ - મેઘવા , અતુલ પટેલ મેતપુર , ચેતન પટેલ - વડજ , ભરત પટેલ-વડોદરા , હિરેન પટેલ કંડારી , નિલેશ પટેલ કંડારી વગેરે કમિટી મેમ્બર સત્સંગ સેવા માટે સક્રિય ભૂમિકા અદા કરી રહ્યા છે.

## આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાનમાં કોન્ફરન્સ

# 'વુમન ઈન ધ વર્કફોર્સ: ઈન્ડિયન સીનારિયો, ચેલેન્જીસ એન્ડ વે ફોરવર્ડ' થીમ પર બે દિવસીય સંગોષ્ઠીમાં મહિલા વિકાસ સંબંધિત સંશોધન પત્રો રજૂ થશે

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન દ્વારા 'વુમન ઈન ધ વર્કફોર્સ: ઈન્ડિયન સેનારિયો, ચેલેન્જીસ એન્ડ વે ફોરવર્ડ' થીમ પર બે દિવસીય કૉન્ફરન્સનું આયોજન અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે, જેમાં મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાનના ડાયરેક્ટર જનરલ શ્રી અંજુ શર્માની ઉપસ્થિતિમાં બે દિવસીય કોન્ફરન્સનો પ્રારંભ કરાયો હતો.

આ પ્રસંગે ડો. અંજુ શર્માએ જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના સંદર્ભે આ પ્રકારના કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જે આનંદની વાત છે. વિશ્વભરમાં મહિલા દિવસની ઉજવણી કેમ કરીએ છીએ તેનું મહત્ત્વ આપણે સમજવું ખૂબ જ અનિવાર્ય છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, મહિલાઓનું સમાજમાં મહત્ત્વ જળવાઈ રહે અને તેમને દરેક ક્ષેત્રમાં સમાન તક પ્રાપ્ત થાય જેથી સ્ત્રીઓને આત્મનિર્ભર બનાવી શકાય આ મુખ્ય કારણથી આપણે સૌ મહિલા દિવસની ઉજવણી કરતા હોઈએ છીએ.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે મહિલાઓને ઈક્વાલિટી નહીં પરંતુ ઈક્વિટી (નિષ્પક્ષતા) મળી રહે તે બાબતે દેશમાં પણ અનેક કાર્ય કરવામાં આવી રહ્યા છે. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આત્મનિર્ભર ભારત અંતર્ગત મહિલાઓ દરેક ક્ષેત્રે કાર્યરત થાય તે માટેની અનેક યોજનાઓનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેના થકી તેમને વિવિધ ક્ષેત્રે કાર્યરીત કરી તેમને પગભર કરી શકાય, તેમ તેઓએ ઉમેર્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આજે બધા જ ક્ષેત્રોને એકત્રિત કરી ભારતમાં મહિલાઓનો કુલ ૨૮% ફાળો છે, જે આનંદની વાત છે અને તેને ૫૦% સુધી લઈ જવા માટે સરકાર જ નહિ પરંતુ સ્થાનિક શહેરી અને ગ્રામીણ કક્ષાએ અનેક સંસ્થાઓ કાર્ય કરી રહી છે જે સરાહનીય છે. આપણે સૌએ પણ આપણા ઘરની સ્ત્રી, દીકરી, બહેન, પત્ની કે માતાને તેમના રસપ્રદ વિષયમાં વિકાસ કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડવું જોઈએ અને સાથોસાથ સહકાર આપી તેમનામાં રહેલ કૌશલ્ય અને ક્ષમતાનો વિકાસ કરવો જોઈએ તેમ તેઓએ ઉમેર્યું હતું. તેમને વધુમાં જણાવ્યું હતું કે, મહિલાઓએ પોતાનો વિકાસ કરવો હોય તો ત્રણ સ્તરો પર આત્મનિર્ભર થવું ખૂબ જ અનિવાર્ય છે, જેમાં આર્થિક આત્મનિર્ભરતા, સામાજિક આત્મનિર્ભરતા અને વ્યક્તિગત આત્મનિર્ભરતાનો સમાવેશ થાય છે. આ ત્રણેય સ્તરો પર જો મહિલાઓ આત્મનિર્ભર હશે તો તેમનો જ નહીં પરંતુ રાષ્ટ્રના વિકાસને પણ ખૂબ જ ઝડપથી વેગ મળશે તેમ તેમણે જણાવ્યું હતું.

તેમણે ગુજરાતના વિવિધ જિલ્લાઓ અને રાજસ્થાનથી આવેલ અનેક વિદ્યાર્થીઓ અને પ્રોફેસરોને તેમના રિસર્ચ પેપર પ્રસ્તુત કરવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

આ કાર્યક્રમમાં કૌશલ્ય સ્કીલ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર શ્રી એચ.આર.સુથાર, મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાનના એકેડેમીક હેડ શ્રી જીગ્નેશ ટાપરિયા, એકેડેમીક કો-ઓર્ડીનેટર ડો. સુમન વૈષ્ણવ, વરિષ્ઠ પત્રકાર શ્રી અજય ઉમટ, ઈત્ર અદિતિ રાવલ, રિસર્ચ પેપર રજૂ કરનારા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ, પ્રોફેસરો અને અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

-મિતેષ સોલંકી, પ્રાદેશિક માહિતી વિભાગ, અમદાવાદ

# અંબાજીમાં મોહનથાળ નહીં ચિક્કી! ગુજરાત સરકારે લીધો નિર્ણય

ગાંધીનગર,તા.૧૧

ગાંધીનગર: અનેક આંદોલનો છતાં શક્તિપીઠ અંબાજીના માઈભક્તો માટે એક માઠા સમાચાર સામે આવી રહ્યા છે. ભક્તોને હવે કદાચ ક્યારેય મોહનથાળનો પ્રસાગ નહી મળે. રાજ્ય સરકારના પ્રવક્તા ઋષિકેશ પટેલે આજે એક નિવેદન આપીને ગરમાવો લાવી લીધો છે. તેમણે જણાવ્યું કે અંબાજીમાં હાલ ચીકીનો જ પ્રસાદ વેચાશે.

અંબાજી પ્રસાદ વિવાદ મામલે રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે પોતાની પ્રતિક્રિયા આપી દીધી છે. તેમણે જણાવ્યું હતું કે, મોહનથાળ ઉપવાસમા લઈ શકાતો નથી. એટલું જ નહીં, મોહનથાળ પ્રસાદ લાંબો સમય સાચવી પણ રાખી શકાતો નથી. પ્રસાદ એ સ્વાદ માટે નહીં પણ પ્રસાદ માટે છે. મંદિરે નક્કી કર્યું છે કે હાલ ચીકીનો જ પ્રસાદ વેચાશે. સ્પેશિયલ ચીકી, માવાની ચીકી છે તે ફરાળમાં લઈ શક્ય તેવો પ્રસાદ છે. દેશ વિદેશમાં મોકલીએ તો પણ તે બગડે નહીં. જ્યારે મોહનથાળ બગડી જાય છે. જેથી મંદિર દ્વારા ચીક્કીના પ્રસાદનું નક્કી કરવામાં આવ્યું છે. અંબાજીમાં ચીક્કીનો પ્રસાદ જ ચાલશે. ઉલ્લેખનીય છે કે, અંબાજીમાં મોહનથાળની પ્રસાદીનો વિવાદ વધી રહ્યો છે. આજે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા અંબાજી મંદિરમાં બંધ કરાયેલા મોહનથાળ પ્રસાદના વિરોધમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું છે. આજે નવ દિવસ વીતી ગયા હોવા છતાં મોહનથાળ પ્રસાદના મામલાનો અંત આવ્યો નથી. ત્યારે લોકોની લાગણીને અવગણીને સરકારે આખરે પ્રસાદમાં ચીક્કી આપવાનો જ નિર્ણય કર્યો છે.

અંબાજીએ સમગ્ર વિશ્વ માટે આસ્થાનું પ્રતિક છે. કોવિડ દરમ્યાન સવા કરોડ લોકોએ ઓનલાઈન દશન કર્યા હતા અને પ્રસાદ પણ ઓનલાઈન મંગાવી રહ્યા હતા. અગિયારસ, પૂનમ વખતે મોહનથાળ લઈ શકાતો નથી તેવી માન્યતા હતી તેમ છતાંય પ્રસાદ ચાલુ હતો. મંદિર દ્વારા ચીકી પ્રસાદ આપવાનો વિષય છે જેનું આયુષ્ય ૩ માસ હોય છે. મોહનથાળ લાંબો સમય ટકતો નથી.

# બેંકના કેશિયરે ગ્રાહકના અસલી સોનાને નકલી સોના સાથે બદલી દીધુ

વાપી,તા.૧૧

વાપીની એક બેંકના કેશિયરે જ બેંકના એક ગ્રાહક અને બેંકનું બૂચ માર્યું છે. ગ્રાહકે ગોલ્ડ લોનના બદલામાં બેંકમાં ગીરવે મુકેલા સોનાના અસલી દાગીનાને બદલે નકલી દાગીના મૂકી અને છેતરપિંડી આચરી હોવાનું બહાર આવ્યું છે. આ મામલે બેંક દ્વારા બેંકના કેશિયર વિરૂધ ફરિયાદ દાખલ થતાં. વાપી ટાઉન પોલીસે બુચમાર કેશિયરની ધરપકડ કરી સળિયા પાછળ ધકેલી દીધો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, વાપીના ચલા વિસ્તારમાં આવેલી યુનિયન બેક્ર ઓફ ઈન્ડિયામાં વાપીના છરવાડા રોડ વિસ્તારમાં રહેતા એક એક મહિલા ગ્રાહકે ગોલ્ડ લોન લેવા પોતાના અસલી દાગીના ગીરવે મૂક્યા હતા. બેંકના આ મહિલા ગ્રાહકે પોતાના ૧૯.૫૯ લાખની કિંમતના અસલી દાગીના ગીરવે મૂકી બેંકમાંથી ગોલ્ડ લોન લીધી હતી. ત્યાર બાદ વર્ષ ૨૦૨૨ ના ડિસેમ્બર મહિનામાં બેંકનું રૂટીન ઓડિટ કરવામાં આવ્યું હતું. જેમાં કેરળ જ્વેલરી વર્કસ દ્વારા બેંકમાં ગોલ્ડ લોન લેવા માટે ગ્રાહકોએ મુકેલા દાગીનાનું ઓડિટ કરવામાં આવ્યું હતું. આ ઓડિટ દરમિયાન બેંકમાં મુકેલા એક ગ્રાહકના ૧૯.૫૯ લાખની કિંમતના દાગીના નકલી હોવાનું બહાર આવ્યું હતું. આથી બેંકનો સ્ટાફ ચોંકી ગયો હતો. જોકે ત્યારબાદ બેંકની હેડ ઓફિસમાં આ અંગે જાણ કરવામાં આવી હતી. આથી હેડ ઓફિસ દ્વારા આ મામલે તપાસ કરવામાં આવી હતી. અને તપાસમાં હકીકત બહાર આવી હતી. અને બેંકના કોઈ કર્મચારીએ જ ગ્રાહકના મુકેલા અસલી દાગીનાને બદલે નકલી દાગીના મૂકી અને છેતરપિંડી આચરી હોવાનું બહાર આવ્યું. આથી બેંકના મેનેજર એ આ મામલે વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી હતી. ત્યાર બાદ પોલીસે આ મામલે તપાસ હાથ ધરી હતી.વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ થયા બાદ આ મામલે પોલીસે તપાસ કરી હતી. તપાસ દરમિયાન બેંકના અન્ય સ્ટાફ અને મેનેજરના પણ નિવેદનો અને ફરિયાદના આધારે બેંકમાંથી અસલી દાગીનાની ઉઠાંતરી કરી અને નકલી દાગીના મૂકનાર કોઈ અન્ય નહીં, પરંતુ બેંકનો જ કેશિયર હોવાનું બહાર આવ્યું હતું. બેંકના સીસીટીવી ફૂટેજ તપાસતા બેંકના કેશિયર વિપુલ મનચંદાની શંકાસ્પદ હરકત દેખાઈ હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

NEWS OF GANDHINAGAR_P-4